

# સનાતન સારથિ ગુજરાતી

એપ્રિલ-૨૦૨૧

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦.૦૦
છુટ્ટક અંક ની કિંમત રૂા. ૧૦.૦૦

Prasanthinilayam 16-12-73

My Dear! Have you got any
spiritual hunger?
Spiritual hunger is the
ultimate meaning of every
activity in life. The dissatis-
faction and the restlessness
that remain even after obtain-
ing all the necessities of life
show that everyone conscious-
ly or unconsciously, does
suffer from spiritual hunger
and it is not appeased until
the spirit within is realised..
Without this divine discontent
there is no real progress.
World peace is possible when
all the people of the world wake
up to the facts governing
universal life and when
there is a heart to heart
feeling of goodness, love and
oneness among the inhabitants
of the world.

With Blessings
Sri Sathya Sai Baba

## ભગવાનનો પત્ર

પ્રશાંતિ નિલયમ, ૧૬-૧૨-૧૯૭૩

મારા વ્હાલા ! શું તમને આધ્યાત્મિક તૃષ્ણા (ભૂખ) છે?

જીવનની દરેક પ્રવત્તિઓ પાછળનો એકમાત્ર આશય છે આધ્યાત્મિક તૃષ્ણા અથવા ભૂખ.

જીવનની દરેક આવશ્યક્તાઓની પ્રાપ્તિ થઈ ગયા પછી પણ જ્યારે અતૃપ્તભાવ અને બેચેની, અજંપો વગેરે રહે છે એ જ દર્શાવે છે કે દરેક જણ જાણતા કે અજાણતા અધ્યાત્મની ભૂખથી જ પીડાય છે અને જ્યાં સુધી 'એ' આત્મતત્વની અનુભૂતિ ન થાય ત્યાં સુધી તે શાંત નથી થતી. દિવ્યતા (ની પ્રાપ્તિ)ના અસંતોષ વિના સાચી પ્રગતિ નથી થતી.

જ્યારે દુનિયાના બધા જ લોકો વૈશ્વિક જીવનને ચલાયમાન રાખતી હકીકતો પ્રત્યે સજાગ થશે, અને જ્યારે સારાપણાની ભાવનાઓ દરેકના હૃદયથી હૃદય સુધી જોડાશે, માનવ-માનવ વચ્ચે પ્રેમ અને એકતાનો ભાવ સંબંધ રચાશે ત્યારે જ (શાશ્વત) શાંતિ શક્ય બનશે.

આશીર્વાદ સહ, શ્રી સત્ય સાંઈ બાબા

# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**


**શ્રી સત્ય સાઇ ટ્રસ્ટ ગુજરાત વતી અને**
**પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા ના સહયોગથી**
મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૧**
**અંક : ૩૩૯/૦૪**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦
૨૫$ અથવા ૧૮£

**લવાજમ ની રકમ**
**પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરાના નામે ચેક અથવા ડ્રાફ્ટથી મોકલવી**



**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
''સાઇ આરોહ''
એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે,
માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.

સંપર્ક માટે :
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com



ટાઇટલ પેજ ફોટોગ્રાફ
**ભગવાન શ્રી સત્ય સાઇ બાબા**

આપને અંક ન મળે તો પોસ્ટ દ્વારા જાણ કરવા વિનંતી. આપની પોસ્ટ ઓફીસમાં પણ તપાસ કરશો. સનાતન સારથિ દર માસની ૨૦મી તારીખે રવાના કરાય છે.




માનસિક સમતુલન અને ઈન્દ્રિયો ઉપર અંકુશ ન હોય – તો તેવી સ્થિતિમાં મેળવેલી યુનિવર્સિટીની પદવીઓ - એ અવરોધક અને વધારાના ભારરૂપ જેવી છે કે જેને (દરિયામાંથી વધારાનો માલ દરિયામાં ફેંકી દેવાય છે-બચાવમાટે) ફેંકી દેવી જોઈએ તો જ મુક્ત અને આનંદિત થઈ શકાય. નિમ્ન કક્ષાની ઇચ્છાઓ સંતોષવા માટે અહીં શું કામ આવો છો? મારી કૃપા મેળવવી હોય તો જ અહીં આવો.

ડૉક્ટર જે દવા લખી આપે તે તમે લેવાના હો અને પરેજીની જે સૂચનાઓ આપે તે જો તમે પાળવાના હો તો જ હોસ્પિટલ જાઓ. તેવી જ રીતે, હું તમને જે કાંઈ દોરવણી આપુ છું-દિશા બતાવું છું, તે અંગે, બીજા ગમ્મે તે કહે અથવા તે ગમ્મે તેટલી મુશ્કેલ હોય, તેને અનુસરો.

બીજાઓને ખુશ કરવા તમારે પ્રશાંતિ-નિલયમ નથી આવવાનું, તમારે મને પ્રસન્ન કરવા આવવાનું છે.

ભગવાન શ્રી સત્ય સાઈબાબા

પા.નં. **અનુક્રમણિકા...**


૦૪ **સ્ત્રીતત્વનો મહિમા** - અવતાર વાણી

૦૭ **સ્વામીએ મારી જિંદગી કેવી રીતે બચાવી**
ડૉ. કિશન એન. ગઢિયા

૧૨ **તમારા હૃદયમાં રાજ રાજ્ય સ્થાપિત કરો**
ભગવાનનો શ્રી રામનવમી સંદેશ

૧૮ **નિઃસ્વાર્થ સેવા તમારી નિયતિને બદલી નાંખે છે**
ટી.જી. કૃષ્ણમુર્તિ

૨૧ **મારા સ્વામી - મારા સતત (નિત્ય) સાથી**
સુજાતા રવિન્દ્રન મેનન

૨૩ **ત્રચી વૃંદાવનની વાર્તા** - બીજુ પૃષ્ટિ

૨૬ **બાળક પરીક્ષિતનું ભવિષ્યકથન**
ભાગવત વાહિની પ્રકરણ - ૩

30 **ગાયત્રી મંદિરની કથા** - બીજુ પૃષ્ટિ

અવતાર વાણી

# સ્ત્રીતત્વનો મહિમા

## સ્ત્રીઓ પ્રેમ અને ભક્તિના સ્વરૂપો છે.

સમગ્ર જગત સ્ત્રીત્વનું પ્રતીક છે, તેથી, રાષ્ટ્રને માતૃભૂમિ કહેવાય છે અને પૃથ્વીને ભૂમાતા કહેવાય છે. તમામ જીવો ભૂમાતામાંથી જન્મ્યાં છે. સર્વેને માટે માતા મહત્વની છે અને વાત્સલ્યતાની લાગણી સર્વોચ્ચ છે જે પરિવાર, સમાજ અને રાષ્ટ્રના કલ્યાણની ખાતરી આપે છે.

<u>માતૃપ્રેમ પરમ પવિત્ર છે.</u>

એક વખત વિશ્વામિત્ર મુનિએ, રાજા દશરથ પાસે જઈને પોતે જે યજ્ઞ કરી રહ્યા હતા તે માટે મદદ માંગી. તેમણે રાજા દશરથને કહ્યું કે રાક્ષસો તેમની વિધિમાં વિઘ્નો ઉભાં કરી રહ્યા હતા અને તેથી તેની વિધિમાં યજ્ઞના રક્ષણાર્થે તેમના પુત્રો રામ અને લક્ષ્મણને મોકલી આપવા વિનંતી કરી. તેમણે વધુમાં કહ્યું કે આ રાક્ષસોનો સંહાર કરવાની પોતાનામાં શક્તિ છે પણ મંગલવિધિના કાર્યમાં હિંસા કરવાનો નિષેધ હોવાથી પોતે તે શક્તિનો ઉપયોગ કરી શકે તેમ નથી. રાજા દશરથમાં નિરાશા વ્યાપી ગઈ કેમ કે રામ અને લક્ષ્મણ હજી કુમળી વયના છે અને તે બંન્નેને યુદ્ધ બાબતનો કોઈ અનુભવ નથી. પછી વિશ્વામિત્ર મુનિએ રાજા દશરથને કહ્યું કે તેઓ (રામ અને લક્ષ્મણ) પહેલાં માતાઓને અને પછી જ તેમના પિતાને વંદન કરે છે, એટલે રામ તથા લક્ષ્મણ અત્યંત દિવ્યાત્માઓ છે. આ પ્રમાણે, વિશ્વામિત્ર મુનિએ રાજા દશરથને સમજાવ્યા, ત્યાર પછી રામ અને લક્ષ્મણ વિશ્વામિત્ર મુનિ સાથે ગયા. મુનિની સાથે જતી વખતે પણ, તે બંનેએ સૌ પ્રથમ તેમની માતાઓને, પછી પિતાને અને ત્યાર બાદ સંત-મુનિને નમસ્કાર કર્યા. આવું ક્રમમાં જ કેમ કરવાનું ? એટલા માટે કે માતાએ જન્મ આપીને કોમળતાથી ઉછેર કર્યો છે. પોતાના બાળકને કોઈ પણ બીમારી થાય તો તેવા સમયે માતા આખી રાત અને દિવસ જાગતી રહે છે. પોતાના બાળકને તાવ આવ્યો હશે તો તે અન્નનો દાણો મોમાં મૂકશે નહીં. આવો પવિત્ર પ્રેમ ફક્ત ને ફક્ત માતામાં જ જોવા મળે છે. માતા બાળકની પૂરી કાળજી હેતપૂર્વક લેતી હોય છે અને બાળકને ગાઢ પ્રેમ પ્રદાન કરતી હોય છે.

સ્ત્રીઓ ફક્ત ઊતરતી કક્ષાના કાર્યો કરવાને યોગ્ય છે એવું વિચારવું એ એક ભૂલ છે. આજકાલના સાંપ્રત કાળમાં સ્ત્રીઓ અને પુરુષો બન્ને કામ કરવા તથા પૈસા કમાવા જાય છે તેથી, ઘરના કામકાજ કરવા માટે રસોઈયો, વાહન ચાલક (ડ્રાઇવર) અને અન્ય નોકરો રાખતા થઈ ગયા છે. પરંતુ, તેઓના દ્વારા કામ કરવા રોકેલા નોકરોનો પગાર સામાન્ય રીતે પત્નીના પગાર કરતાં વધી જતો હોય છે. જો પત્નીનો પગાર બે હજાર રૂપિયા હોય તો નોકરોનો પગાર ત્રણ હજાર રૂપિયા થઈ જાય છે. આ તો આપણું ભોજન જમવા કરતાં અથાણાં-ચટણી વધુ ખાઈએ તેવું કહેવાય ! આમ આવક કરતાં ખર્ચ વધી જાય છે. બીજી તરફ, જો ગૃહિણી ઘરમાં જ રહે, તો તે ઘરના સઘળાં કાર્યો હાથ ધરી શકે છે. ગૃહિણી નોકરી કરવા જાય તો સમગ્ર કુટુંબનાં જીવનમાં ખલેલ પહોંચી જાય છે. આ મુદ્દાને ધ્યાનથી સાંભળો: ગૃહિણી પરિવાર માટે પ્રેમ અને પૂરી પવિત્રતાથી રસોઈ બનાવે છે.

પુરુષની વિચારસરણી ઉપર પ્રભાવ પાડે છે ભોજન.

શ્રીમદ્ ભગવદગીતા ભોજનની ત્રણ પ્રકારની પવિત્રતાનું નિદર્શન કરે છે: રસોઈયાની પવિત્રતા (શુદ્ધિ), રસોઈ કરવાની પદ્ધતિની પવિત્રતા અને સામગ્રીઓની પવિત્રતા. ભોજન રાંધનારની બાહ્ય શુદ્ધિ જ નહીં, પણ હૃદયની પવિત્રતા-શુદ્ધિ-પણ હોવી જરૂરી છે. તે જ પ્રમાણે, જે વાસણોમાં ભોજન રાંધવામાં આવે છે તે બધા પણ શુદ્ધ-સ્વચ્છ-હોવા જોઈએ. રાંધવામાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓ પણ શુદ્ધ અને પવિત્ર હોવી જોઈએ. રાંધવામાં વપરાતી શાકભાજી અને અન્ય સામગ્રીઓ પણ સારી હાલતમાં હોવી જોઈએ. ભારતમાં એક પ્રાચીન રીત છે કે ભોજન સમયે પ્રાર્થના બોલીને ભોજન ભગવાનને અર્પણ કરવામાં આવે છે:

બ્રહ્માર્પણમ્ બ્રહ્મહવિ: બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્ ।
બ્રહ્મૈવ તેન ગંતવ્યમ્ બ્રહ્મ કર્મ સમાધિના ॥
(ગીતા: ૪/૨૪)

અર્પણક્રિયા બ્રહ્મ છે, હોમવાનો પદાર્થ બ્રહ્મ છે, બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપ હોમનારે હોમેલું તે પણ બ્રહ્મ જ છે. આમ, કર્મને લગતી બધી બાબતોમાં જે સ્થિર રહે છે તે જ બ્રહ્મને પામે છે.

જ્યારે આ પ્રાર્થના કરવામાં આવે છે ત્યારે ખોરાક (ભોજન) પ્રસાદની જેમ પવિત્ર બની જાય છે. ત્યાર પછી ભોજનમાંની તમામ ખરાબીઓ દૂર થઈ જાય છે. કદાચ, આપણને ખબર નહીં હોય કે ખોરાક બનાવવામાં કેવી કેવી વસ્તુઓનો ઉપયોગ કરાયો હશે. રસોઈ બનાવનારા રસોઈયાનાં વિચારો કેવા હોય તેની પણ ખબર નહીં હોય. આમ આ પ્રાર્થના કરવાથી ખોરાકની પવિત્રતાની ખાતરી થઈ જાય છે. આજકાલ પતિ-પત્ની 'ડાઈનીંગ-ટેબલ' ઉપર ઝઘડતાં હોય છે- એક 'હા' કહે તો બીજું 'ના' કહે છે ! તેનું કારણ શું ? આવી ગરબડ થવા પાછળનું એક કારણ કુટુંબના કલ્યાણ કરતાં પગારની નિસ્બતવાળા રસોઈયાની અપવિત્રતા-અશુદ્ધિ-હોય છે.

પરંતુ ગૃહિણી, કુટુંબની કલ્યાણ અંગેની વિચારધારા સાથે પવિત્રતાપૂર્વક રસોઈ બનાવશે. શાહી-રાજવી-કુટુંબોમાં પણ સ્વયં રાણી જ શાહી પરિવારના સદસ્યોને ભોજન પિરસતી હોય છે. જો કોઈને વધુ પડતો કાર્યભાર-કાર્યબોજો-હોય, તો નોકરો રખાય. પરંતુ રસોઈ અને ઘરકામ તો કુટુંબની સલામતી માટે ગૃહિણીએ જ કરવું જોઈએ. જો પરિવાર સુખી અને સલામત, તો સમાજ પણ સુખી-સલામત હશે. જો સમાજ સુખી અને સલામત, તો સમગ્ર રાષ્ટ્ર સુખી અને સલામત હશે. માટે સુખ અને શુદ્ધિની શરૂઆત વ્યક્તિથી જ થવી જોઈએ. માનવીની વિચાર પ્રક્રિયા ઉપર અશુદ્ધ-ખોરાકની કેવી અસર થાય છે તેનું ઉદાહરણ દર્શાવતી એક વાત કરીએ.

એક વ્યાપારી હતો જેણે ૬૦ વર્ષની ઉંમરે પોતાની પત્ની ગુમાવી દીધી હતી. કુટુંબમાં તેની કાળજી રાખનાર કોઈ ન હોવાને કારણે તે ઘણો ઉદાસ રહેતો. તેના વેપારમાં એક મોટી ઉંમરનો કારકુન હતો જેને ૧૬ વર્ષની એક દીકરી હતી અને તેની માતા મૃત્યુ પામી હતી. તે વ્યાપારીએ કારકુનને તેની દીકરીના પોતાની સાથે લગ્ન કરાવવાનું કહ્યું. કારકુન ઘણો લોભી-લાલચુ-હતો અને પૈસાની સ્પૃહા રાખતો હતો. તેથી, તેણે પોતાની ૧૬ વર્ષની દીકરીના લગ્ન ૬૦ વર્ષના બુઢ્ઢા વેપારી સાથે કરી દીધા. આ છોકરી ગમગીન રહેતી એટલું જ નહીં, રાત-દિવસ રડતી રહેતી

હતી. મા વિનાની દીકરી હોવાથી તેને વેપારી સાથે પરણાવી દીધી હતી. પતિ પૈસા પાછળ પડેલો હતો, પત્ની હંમેશાં ધર્મનું આચરણ કરતી હતી. તેને ખ્યાલ આવી ગયો હતો કે પોતાની માતા ન હોવાને કારણે જ આવું બધું થયું હતું. વેપારી તેની પેઢીમાંથી રાત્રે મોડેથી ઘરે આવતો. પોતાની એકલતા અને વ્યથાને લઈને આ છોકરી પોતાનું જીવતર ટૂંકાવી દેવાનો વિચાર કરતી હતી. એ દિવસ રાત્રે ૧૦ વાગ્યા સુધી તે વેપારી ઘરે આવ્યો નહીં એટલે તેણે વિચાર્યું કે આખી જિંદગી દુ:ખમાં વીતાવવાને બદલે આપઘાત કરવાનો આ યોગ્ય સમય હતો. તેણે ગંગાનદીમાં ઝંપલાવી દીધું અને જિંદગીનો અંત આણી દીધો. પત્નીના મૃત્યુના દસમા દિવસે વેપારીએ ઋષિકેશમાં એક આશ્રમના અંતેવાસીઓને મીઠાઈ સહિતનું ભોજન પિરસ્યું. આશ્રમમાં એક યુવાન અંતેવાસી એવો હતો જે પ્રતિદિન ધ્યાન કરતો હતો. સામાન્ય રીતે, તે ધ્યાન બરોબર કરતો રહેતો, પણ તે દિવસે ધ્યાન કરવા બેઠો તો તેને ધ્યાનમાં ખલેલ પડતી હતી, કેમ કે તેના ધ્યાનમાં તેણે એક યુવતીને રડતી જોઈ. પુન: રાત્રે પણ તે ધ્યાનમાં બેઠો તો તેને પુન: તે જ છોકરી ધ્યાનાવસ્થામાં જોવા મળી. પૂરી રાત્રિ તે નિંદર માણી શક્યો નહીં અને ધ્યાનમાં તેણે શું ભૂલ કરી છે તે જાણવા મથામણ કરતો રહ્યો- જેમ તેમ કરીને રાત વીતાવી.

બીજે જ દિવસે તે ગુરુ પાસે ગયો અને ધ્યાનમાં શા માટે ખલેલ પડતી હતી તે અંગે પૃચ્છા કરી. ગુરુએ કહ્યું, “તને ખરાબ વિચારો આવતા હશે. તેથી જ તને આવો અનુભવ થતો હોવો જોઈએ”. તે અંતેવાસીએ પોતાને ખરાબ વિચારો નથી આવતા એવું ગુરુને જણાવ્યું. ગુરુએ થોડી વખત ધ્યાન ધર્યું અને પછી પૂછ્યું, “ગઈકાલે તે શું ખાધુ હતું ?” અંતેવાસીએ ઉત્તર આપ્યો કે આશ્રમમાં વેપારીએ જે પિરસેલું તે ભોજન તેણે આરોગ્યું હતું. જ્યારે ગુરુએ વધુ તપાસ કરી ત્યારે તેને ખબર પડી કે બુઢ્ઢા સાથે લગ્ન કરવાથી થયેલી પીડા સહન નહીં થતાં આપઘાત કરનારી વેપારીની યુવા પત્નીના મૃત્યુ નિમિત્તેની વિધિમાં ભોજન પિરસાયું હતું. આશ્રમના અંતેવાસીને ધ્યાનમાં ખલેલ એટલા માટે પડી હતી કે વેપારીએ પીરસેલું ભોજન તેણે આરોગ્યું હતું. માટે આપણને જે કંઈ ભોજન આપવામાં આવે તે ખાઈ લેવું જોઈએ નહીં. બસ, ત્યાર પછીથી યુવાન અંતેવાસીએ અન્યો દ્વારા ઉજાણીમાં અપાતાં ભોજન આરોગવાનું બંધ કરી દીધું અને આશ્રમમાં જ રાંધેલું અને પિરસેલું ભોજન જમીને સંતોષ માનવા લાગ્યો.

**ભગવાન માટેની ભક્તિ કેળવો**

તેથી જ, સૌ પ્રથમ ખોરાક ભગવાનને અર્પણ કરીને જ શુદ્ધ-પવિત્ર ખોરાક આરોગવો જરૂરી છે. ભગવાન ક્યાં છે? ભગવાન તમારી ભીતર જ છે. જ્યારે તમે ભગવાનને ખોરાક ધરાવવાની પ્રાર્થના બોલો છો ત્યારે તેઓ ભીતરથી ઉત્તર આપે છે, “અરે પાગલ માણસ, હું વૈશ્વાનર (પાચનકર્તા અગ્નિ-જઠરાગ્નિ) તરીકે તારી અંદર જ છું. ભગવાન સર્વકાળે સર્વત્ર વિદ્યમાન છે. તેઓ તમારી અભ્યંતર, ઉપર, નીચે અને તમારી ચોપાસ છે. તમે ભગવાન છો, તમારું હૃદય ભગવાનની વેદિકા છે. પ્રેમ તેમનું સ્વરૂપ છે; પરમાનંદ તેમનો ખોરાક છે. તમે ઊર્જા-શક્તિની વાત કરો છો. ઘણાં લોકો સ્વામીને પૂછે છે, “સ્વામી, આપ ઊર્જા-શક્તિ-ક્યાંથી પ્રાપ્ત કરો છો? આપ ખોરાક ઘણો ઓછો લો છો.” હું તેમને

કહું છું, "હું ઊર્જા-શક્તિ-મેળવતો નથી. હું સ્વયં ઊર્જા-શક્તિ-છું. ઊર્જા-શક્તિ એ દિવ્યતાનું સ્વરૂપ છે."

મહિલાઓને કદી પણ ઓછી આંકશો નહીં. મહિલા વિનાનું ઘર એક જંગલ (Forest) સમાન છે. જ્યારે મહિલા ઘરમાં હોય છે ત્યારે તે ઘર "આરામ માટે (for rest)" નું બની જાય છે. મહિલાઓને પૂરતું માન-સન્માન આપો અને તેમની જરૂરિયાતો તથા સહુલિયતોની કાળજી રાખો. જે ઘરમાં મહિલાનાં આંસુ પડતાં હોય તે ઘરમાં સંપત્તિ-સમૃદ્ધિ- અને આબાદી રહેતી નથી. તેથી, કોઈ પણ મહિલાને પીડા આપશો નહીં. મહિલા પ્રેમ અને ભક્તિનું સ્વરૂપ છે. આત્મિક સ્તરે મહિલા અને પુરુષ વચ્ચે કોઈ તફાવત નથી કેમ કે તે બંનેમાં એક જ આત્મા રહેલો છે. તે બંન્ને ભગવાનનું જ સર્જન છે.

ભગવાન તમારા જૂના મિત્ર છે, માત્ર મિત્ર જ નહીં, પુરાણા મિત્ર છે. જૂનું તો સોનુ (સુવર્ણ) છે. દુન્યવી મિત્રોમાં સ્વાર્થી હેતુ હોય છે. જ્યાં સુધી તમારી પાસે પૈસા છે ત્યાં સુધી તેઓ તમારી પાસે રહેશે (તેઓ પૈસાના સગાં છે, તમારાં નહીં). આવા મિત્રો ક્ષણે ક્ષણે બદલાયા કરે છે. આજે તેઓ મિત્ર છે અને આવતીકાલે ' આવજો-અલવિદા' પણ કહી દેશે. પરંતુ, ભગવાન સદૈવ તમારી સાથે છે. તેઓ તમારી અંદર, તમારી ઉપર, તમારી નીચે અને તમારી ચારે બાજુએ છે. માટે, ભગવાનને પ્રેમ કરો. ભગવાન માટેની ભક્તિ વિકસાવો. તે જ માનવજીવનનું પ્રયોજન છે.

(ભગવાને "હે શિવશંકર નમામિ શંકર" ભજન સાથે પ્રવચનની સમાપ્તિ કરી.)

(તા. ૧૯મી એપ્રિલ ૧૯૯૬ના રોજ સાઈશ્રુતિ, કોડાઈકેનાલ ખાતેનું ભગવાનનું દિવ્ય પ્રવચન)

# સ્વામીએ મારી જિંદગી કેવી રીતે બચાવી

**ડૉ. કિશન એન. ગઢિયા**

૧૯૬૦ માં ભગવાનનો પ્રત્યક્ષ પરિચય પ્રથમ વખત મને કેવી રીતે થયો અને છેલ્લા પચાસ કરતાં વધારે વર્ષો દરમ્યાન, મને ઘણાં વ્યક્તિગત ચમત્કારો અને અંગત અનુભવો પ્રાપ્ત થયેલ તેનો સંક્ષેપમાં વૃતાંત નીચે પ્રમાણે છે.

૧૯૫૦ના અંત ભાગે મારા પિત્રાઈ ડૉ.ડી.જે.ગઢિયા પાસેથી ભગવાન વિશે સૌ પ્રથમ વખત કંઈક સાંભળેલું. ઘણાં વર્ષોથી તેમના પોતાના વ્યક્તિગત અનુભવોથી તેમને ખાતરી થઈ ગયેલી કે ઉત્તર ભારતમાં ૧૯મી અને ૨૦ મી સદીમાં જીવંત અન્ય કોઈ નહિ પણ શિરડી સાઈબાબાનો જ સત્ય સાઈબાબા તરીકે પુનઃ અવતાર થયેલો હતો. શિરડી સાઈબાબાએ પ્રેમ અને નિઃસ્વાર્થ સેવા દ્વારા મનુષ્યમાં અંગત રૂપાંતર લાવવા માટેના હેતુઃસર 'સત્ય સાઈબાબા' તરીકે ફરી જન્મ ધારણ કરેલ હતો. આ બધું સાંભળવું સારું લાગતું હતું પણ મારા મા-બાપ અને મારા કુટુંબના બાકીના સભ્યોએ, શરૂઆતમાં તો હિંદુઓની જેમ સામાન્ય રીતે જેમકે રામ, કૃષ્ણ અને શિવની જ પૂજા-પ્રાર્થના કરવાનું ચાલુ રાખેલ અને મને જ્યાં સુધી

ભગવાનનો વ્યક્તિગત અનુભવ અને સત્ય સાઈબાબાની સાચી દિવ્યતાનો સાક્ષાત્કાર ન થયો ત્યાં સુધી આવુ જ ચાલું રહ્યું.

**દિવ્યતાનો પ્રથમ સાક્ષાત્કાર.**

૧૯૫૭માં જામનગરમાં હું જ્યારે મેડિકલ સ્ટુડન્ટ હતો, ત્યારે મારા મિત્રોના એક નાનકડા જુથ સાથે હું દક્ષિણ ભારતના વિવિધ મંદિરોના યાત્રા-પ્રવાસે ગયલો. જે સ્થળોની મુલાકાતો નિર્ધારિત હતી, તેમાં પુટ્ટપર્તિ પણ હતું. પુટ્ટપર્તિ તે વખતે થોડાંક હજાર લોકોની વસ્તી વાળું નાનું ગામ હતું. અમે ઘણાં મંદિરો અને આધ્યાત્મિક/ધાર્મિક કેન્દ્રોની મુલાકાતો લીધી, જેમાં પોંડીચેરી (પુડુચેરી)માં શ્રી અરવિંદના આશ્રમનો પણ સમાવેશ થઈ જાય છે. પરંતુ એક યા બીજા કારણે તે સમયે પુટ્ટપર્તિ અમે જઈ શક્યા નહિ. કદાચ એ દિવ્ય વિભૂતિ સન્મુખ થવાનો સમય પાક્યો નહિ હોય. આમ છતાં, ૧૯૬૦ માં તે સમય આખરે આવી પહોંચ્યો. જ્યારે મારા થોડાક સહાધ્યાયી, દાકતરી શાખાના વિદ્યાર્થીઓ જોડે મેં પ્રથમ વખત પુટ્ટપર્તિની મુલાકાત લીધી. પચાસેક વર્ષો પહેલા કોઈ મુલાકાતી માટે રહેવા-ખાવાની સુવિધાઓ ન હતી. રાત્રે પથારી કરવા માટેના છાપરા પણ ન હતાં. તે દિવસો દરમ્યાન, પ્રશાંતિ નિલયમ એક ખૂબ જ નાનો આશ્રમ હતો, જેમાં માત્ર એક સાદુ-નિરાડંબરી મંદિર મુખ્ય માળખારૂપે અસ્તિત્વમાં હતું. ભગવાનના એક પ્રોફેસર કસ્તુરીએ, અમને કૃપા પૂર્વક સલાહ આપી કે મંદિર સામેના વૃક્ષની નીચે કામચલાઉ પથારી કરવી, જેથી કરીને ગુજરાત રાજ્યના નાનકડા શહેર જામનગરથી લાંબી મુસાફરીના થાકને રાત્રિ-વિશ્રામ મળી જાય. અમે એ પ્રમાણે જ કર્યું, અને સવારમાં દૈનિક પૂજા માટે, અમારે ચિત્રાવતી નદી જે આશરે એક કિલો મિટર દૂર હતી ત્યાં સુધી ચાલવાનું હતું. હું ભગવાન સાથે મારા પ્રથમ પરિચયની વાત ચાલુ રાખું તે પહેલાં મને થોડાંક અઠવાડિયા અગાઉ જામનગરમાં બનેલા એક નાનકડા પ્રસંગને વર્ણવવા દો.

મારા પિત્રાઈ ભાઈ ડૉ. ડી. જે. ગઢિયા, પુટ્ટપર્તિમાં ભગવાન સાથેની તેમની મુલાકાત પછી મને મળવા આવેલા. જામનગરમાં એક સોની (ઝવેરી)ની દૂકાનેથી એક નાનકડી ચાંદીની ડબ્બી ખરીદવા માટે મને લઈ ગયેલા, જેમાં અમે વિભૂતિ રાખી શકીએ. અમારે ઘેર પહોંચ્યા પછી તેમણે ભગવાન દ્વારા પોતાને અપાયેલી, ભસ્મમાંથી થોડીક બહાર કાઢી અને મારા માટે ખરીદેલી ચાંદીની ડબ્બી ખોલવાનું કહ્યું. જેવી મેં નવી ચાંદીની ડબ્બી ખોલી, તો અમારા આશ્ચર્ય વચ્ચે અમે જોયું કે તે તો પહેલેથી જ સુગંધી વિભૂતિથી ભરેલી હતી. મારા પિત્રાઈ ભાઈ તરત જ સમજી ગયા કે ભગવાનના અનેક ચમત્કારોમાંનો આ પણ એક ચમત્કાર જ હતો. પરંતુ મારા શંકાશીલ મનમાં વિચાર જબકીગયો કે આ માટે એક બીજી બુદ્ધિગમ્ય સમજણ એ હોઈ શકે કે તે દૂકાનદાર કદાચ ભગવાનનો ભક્ત હશે અને તેણે જ તે ડબ્બી કાગળમાં વીંટાળતા પહેલા વિભૂતિથી ભરી દીધી હશે. આમ બીજા દિવસે તે દૂકાનદાર પાસે હું ગયો અને તેણે મને ખાતરીપૂર્વક કહ્યું કે તેણે શ્રી સત્ય સાઈબાબાનું નામ પણ સાંભળેલું નહોતું. આમ છતાં મારા મનને ખાતરી થઈ નહોતી કે, આ ભગવાનનું કોઈ કાર્ય હોઈ શકે.

હવે ભગવાન સાથેની મારી પ્રથમ

મુલાકાતના વૃતાંત તરફ પાછા ફરીએ. પ્રોફેસર કસ્તુરીએ મારી અને મારા સાથી મેડીકલ વિદ્યાર્થી મિત્રો પાસે આવીને જણાવ્યું કે ભગવાન હવે અમને મુલાકાતનો સમય આપશે તેથી અમારે ભગવાનના મુલાકાત ખંડ તરફ જવું જોઈએ. જેવા અમે મુલાકાત ખંડમાં પ્રવેશ્યા કે સ્વામીએ તરત જ દરેક વિદ્યાર્થીને તેમના નામથી બોલાવ્યા અને કયા પ્રદેશ/દેશથી આવ્યા હતાં તે પણ જણાવ્યું. અમારામાંના કોઈએ આવી નાની-નાની વાતો આ પહેલા કોઈની જોડે કરેલી નહોતી. અમારા બધા માટે ખરેખર તે આઘાત-આશ્ચર્ય સ્વરૂપ હતું. ત્યાર બાદ સ્વામીએ પોતાના ઝભ્ભાની બાંય ઉપર ચઢાવી, અને જમણા હાથને વર્તુળાકારે ગતિમાં ફેરવ્યો. હજુ આવું તેમણે કર્યું નથી કે તરત તેમની આંગળીઓમાંથી વિભૂતિએ વહેવાનું શરૂ કરી દીધું. તેમણે દરેકને, મારા સિવાય વિભૂતિ આપવાનું શરૂ કર્યું. અને મેં કહ્યું, સ્વામિએ મને વિભૂતિ આપવાની બાકી રાખી હતી, ત્યારે તે પાછા ફર્યા અને કહ્યું કે તેમણે મને જામનગરમાં જ ચાંદીની ડબ્બીમાં વિભૂતિ પહેલેથી જ આપી દીધેલ હતી. આ જ ક્ષણે હું અવાક(મૌન) બની ગયો. તેમણે મને પૂછ્યું, "શું તારે વધારે કાંઈ સાબિતી જોઈએ છે?". મેં તાત્કાલીક જવાબ આપ્યો કે હું તે ઈચ્છતો નથી અને મને હવે પૂરી ખાતરી થઈ ગઈ હતી કે તે પોતે ઈશ્વરનો અવતાર હતાં.

**<u>માતાને હૃદયનો હુમલો આવેલ છે.</u>**

મુલાકાત દરમ્યાન મને એકલાને એક વધારે નાના ઓરડામાં, જે મુલાકાતના ખંડમાં જ આવેલો, ત્યાં બોલાવ્યો. જેવા અમે તેમાં પ્રવેશ્યા કે તેમણે કહ્યું, "તમારી માતાને હમણાં જ યુગાન્ડામાં હાર્ટ-એટેક આવેલો હતો અને તેણી અત્યારે કમ્પાલામાં ચિકિત્સાલયમાં છે. ડરવાની કોઈ જરૂર નથી, હું તેમની કાળજી લઈ રહ્યો છું". તે પછી તેમણે પોતાનો હાથ ગોળાકાર ઘુમાવી વિભૂતિ સર્જી, મને સ્પષ્ટ સૂચના આપતા કહ્યું કે, "આ વિભૂતિ, યુગાન્ડામાં તમારી માતાને મોકલી આપવા માટે આપુ છું".

બોમ્બે (મુંબઈ) પહોંચ્યા પછી, યુગાન્ડામાં રહેલા મારા પિતાને, મારી માતાની તબિયત અંગે પૂછવા માટે ફોન કર્યો તો તે ખૂબ નવાઈ પામ્યા કે હું જાણે પહેલેથી મારી માતાના હાર્ટએટેક વિશે જાણતો હતો. મેં તેમને મુલાકાત ખંડમાં જે કાંઈ ઘટિત થયું, તેનું વર્ણન કરી તેમને જણાવ્યું, કે જે વિભૂતિ ભૌતિક સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે તે જ તાત્કાલીક પોસ્ટ દ્વારા તમને મોકલી રહ્યો છું.

**<u>દશેરા – ૧૯૬૩.</u>**

૧૯૬૩ માં દશેરાના તહેવાર પર, સ્વામી દ્વારા યોજાતા શિરડી સાઈબાબાની પ્રતિમાને 'વિભૂતિ અભિષેકમ્'' (પવિત્ર ભસ્મનું સ્નાન)કાર્યક્રમ કરવામાં આવતો, તે મહાન પળોનો સાક્ષી બનવા, પુટ્ટપર્તિમાં હોવા બદલ મારી જાતને હું સદભાગી માનતો હતો. મને યાદ છે આગળથી ચોથી હરોળમાં હું બેઠેલો અને સ્વામીએ શિરડી સાઈબાબાની પ્રતિમાને અભિષેકમ્ પૂરો કરતાં, અમારામાંના કેટલીક પ્રથમ હરોળમાં બેઠેલા બધા જ પવિત્ર ભસ્મથી આવૃત્ત થઈ ગયેલા. આ પ્રસંગના સાક્ષી બનવું એ અમારા માટે ખરેખર દિવ્ય આશીર્વાદ રૂપ હતું.

**<u>યુગાન્ડા પાછા ફરતા.</u>**

**૧૯૬૬ માં મેં મેડિકલ ડૉકટર-સ્નાતક તરીકેની ઉપાધિ (ડિગ્રી) પ્રાપ્ત કરી. સ્નાતક સમારંભ પછી હું પુટ્ટપર્તિ ગયો. મંદિરની સામે**

**દર્શનની પંક્તિઓમાં બેઠેલો હતો. સ્વામી મારી તરફ ચાલતા આવ્યા અને પૂછ્યું, "શું તમે યુગાન્ડા પાછા જઈ રહ્યાં છો?" મેં હકારમાં જવાબ આપ્યો. ત્યાર બાદ તે માટે તેમણે પોતાના વિઝીટીંગના કાર્ડ (મુલાકાત માટેનો ઓળખ પત્ર) નું સર્જન કર્યું. જેમાં તેમની તસ્વીર, તેમનું નામ અને સરનામું હતાં. આ કાર્ડ મને આપતા તેમણે કહ્યું કે મારે હંમેશા તે કાર્ડ મારા પાકિટ (ખિસ્સા)માં રાખવું, મારી પૂજાના ઓરડામાં નહિ. આ રીતે ભારતમાં મારી મેડિકલ ડીગ્રી (ગ્રેજ્યુએશન) પૂરૂં કર્યા પછી, હું યુગાન્ડા જવા માટે ઉપડ્યો. ૧૯૬૭ માં તરલા સાથે મારા લગ્ન થયેલા અને 'મસાકા' નામના નાનકડા શહેરમાં મારી મેડિકલ પ્રેકટિસ શરૂ કરવાનું નક્કી કર્યું. રાજધાની કમ્પાલાથી મસાકા ૮૦ કિલો મિટર દૂર આવેલું હતું. ભૌતિક સ્વરૂપે સ્વામીથી હું ખૂબ જ દૂર હતો, છતાં મને એવું લાગતું કે તે મસાકામાં હંમેશા મારી સાથે જ હતાં.**

**<u>સ્વામી યુગાન્ડાની મુલાકાત લે છે.</u>**

૧૯૬૮ માં સ્વામીએ દરિયાપારની, પૂર્વ આફ્રિકાની માત્ર એક જ સફર, યુગાન્ડા અને ટૂંકા સમય માટે કેન્યાની મુલાકાત માટે કરી. યુગાન્ડામાં તેઓ કુલ ચૌદ દિવસ માટે રહ્યાં હતાં. સપ્તાહને અંતે જ્યારે દર્દીઓ ન હોય ત્યારે હું તેમના દર્શન માટે જવાનો હતો. એક દિવસ તેમણે, બધા સ્થાનિક ડૉક્ટર્સ માટે આપેલો. તેમણે મારા કાકાઓમાંથી એક (ડૉ.ડી. જે. ગઢિયાના પિતા) ને બોલાવીને જણાવ્યું કે "કમ્પાલામાં ગઢિયા નિવાસની મુલાકાત લેશે". તેમણે કહ્યું કે, "તમે તમારા બધા કૌટુંબિક સભ્યોને બોલાવી શકો છો. હું જ્યારે મુલાકાતે આવુ, ત્યારે તમારા નિવાસ સ્થાને તેમને હાજર રહેવાનું કહેશો''. અમે આ સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા, અને ખૂબ ખુશીથી, આ ભવ્ય પ્રસંગ, કે જ્યારે દિવ્યતા, ભૌતિક સ્વરૂપે અમારે ત્યાં પધારવાની છે તે માટે બધી જરૂરી વ્યવસ્થા કરા લાગી ગયા.

સ્વામી અમારે ઘરે પધાર્યા અને સમગ્ર ગઢિયા વંશ હાજર રહ્યો. વિશિષ્ટ મહેમાનની હાજરીથી અમે સૌ આનંદિત હતાં. તેમણે સમગ્ર પરિવારના સભ્યોને "પાદ નમસ્કાર" ની તક આપી. ત્યાર બાદ અમને કહ્યું, "આ દેશ છોડી દેવા માટેનો સમય આવી પહોંચ્યો છે. આ દેશમાંથી તમે બહાર નીકળી જાવ". તેમણે બધા જ ભારતીય વંશના લોકોને યુગાન્ડા છોડવાનું કહ્યું. આ સમયે અમને સૌને આઘાત લાગ્યો. કારણ કે મોટા ભાગના યુગાન્ડામાં જ જન્મેલા અને અમારા બધા હિત-હેતુ-ધંધા વગેરે આ દેશમાં જ હતાં. અમે ક્યા જઈશું અને અમને કયો દેશ સ્વીકારશે? આમ છતાં, મેં તેમની સારી સલાહને ધ્યાનમાં રાખી, મારી મિલ્કત વેચી દીધી, પૈસા લંડન બેંકમાં જમા કરાવી દીધા.

યુગાન્ડામાં એક લશ્કરી કાવતરુ-વિદ્રોહ થયો અને સેનાપતિ ઈદી અમીન દાદાએ દેશ પર કબ્જો જમાવી દીધો. તે એવું ઈચ્છતા કે બધા જ બિન આફ્રિકનોએ ૯૦ દિવસમાં દેશ છોડી દેવો. નહિતર મૃત્યુ સહિતના આકરા પરિણામો માટે તૈયાર રહેવું. સદભાગ્યે સ્વામીએ અમને ખૂબ જ અગાઉથી ચેતવી દીધેલા અને યુગાન્ડા છોડીને જેટલી બને તેટલી ત્વરાથી યુ.કે. તરફ આગળ વધવાની તૈયારીઓ કરેલી.

**<u>મોતની સન્મુખ-મૃત્યુનો સામ-સામો ભેટો.</u>**

હું મસાકાથી કમ્પાલાના માર્ગે મારા માતા-પિતાને તાત્કાલીક યુગાન્ડા છોડવા માટેની

ગોઠવણ કરવાની વિનંતી કરવા માટે મારી ગાડીમાં જતો હતો. રસ્તામાં હું એક લશ્કરી ચેક-પોસ્ટ સામે આવી પહોંચ્યો. લશ્કરી અધિકારીઓમાના એકે મને પૂછ્યું કે મારી પાસે ગાડીમાં કોઈ શસ્ત્ર હતા કે નહિ તેમજ કમ્પાલા જવાનો મારો શો હેતુ હતો. મેં યોગ્ય પ્રત્યુત્તરો આપ્યા અને તેને કહ્યું કે મને જવા દેવામાં આવે. પરંતુ તેણે મને જવા ન દીધો. આથી ઉલ્ટુ મને ગાડીમાંથી બહાર આવવાનું કહ્યું અને મારી છાતી પર બંદૂક તાકી. તેણે મને રસ્તાની બાજુમાં, ઝાડીની નજીક થોભવાનું કહ્યું. તે જ ક્ષણે એક આફ્રીકન માણસ ટેક્ષી ચલાવતો, જે મને ઓળખતો હતો, તેણે પોતાની ગાડી થોભાવી. પેલા લશ્કરી અધિકારીને મને જવા દેવા માટે દલીલો કરી પરંતુ બધું વ્યર્થ. અધિકારીએ તેને ત્યાંથી જતો નહીં રહે તો તેને ગોળી મારવાની ધમકી આપી. તે તુરંત જ ત્યાંથી જતો રહ્યો. ત્યાં સુધીમાં હું પૂરેપૂરો અસહાય બની ગયો અને મને લાગ્યું કે મારા જીવનનો અંત નજીક હતો. તે અધિકારીએ મારી છાતી સામે બંદૂક તાકતા કહ્યું કે મારી છેલ્લી ઈચ્છા શું હતી. મેં તેને અરજ ગુજારી કે મને મુક્ત કરી દો જેથી હુ મસાકા પાછો ફરી મારા કુટુંબને મળી શકું. તેણે લાગણી વગર જ ના પાડી દીધી, પણ સીગારેટની ઓફર કરી. મેં તેને કહ્યું હું ધુમ્રપાન કરતો નથી. તે સજોગોમાં તેણે મને કહ્યું "આખરી સમયની પ્રાર્થના કરી લે, હું તને બે મિનિટ આપુ છું". મેં મારો હાથ ખિસ્સામાં નાંખ્યો અને સ્વામીનું વિઝીટીંગ કાર્ડ કે જે "હંમેશા મારી જોડે જ રાખવું અને પૂજા ખંડમાં છોડવું નહિ" ખૂબ ડરીને ભયભિતપણે હું તે કાર્ડ મારા મસ્તક અને છાતી આગળ રાખી, સ્વામીને પ્રાર્થના કરવા લાગ્યો. તે પછી અધિકારીએ મને કહ્યું કે પ્રાર્થનાનો સમય પૂરો થઈ ગયો. પરંતુ મને ગોળી મારતા પહેલા, તે જાણવા ઈચ્છતો હતો કે હું કોને પ્રાર્થના કરી રહ્યો હતો. મેં તેને સ્વામીનું વિઝીટીંગ કાર્ડ બતાવ્યું. જેમાં વંચાતુ હતું "ભગવાન શ્રી સત્ય સાઈબાબા, પુટ્ટપર્તિ, પેનુકોન્ડા તાલુકો, અનંતપુર જિલ્લો. તેના પર તેમનો ફોટો પણ હતો. જેવું તે અમલદારે કાર્ડ સામે જોવાનું બંધ કર્યું કે તરત જ નવાઈપૂર્વક તેણે તે મને પાછુ સોંપ્યું અને કહ્યું, "જાવ" કંઈક એવું બન્યું કે જેણે તેને મને ગોળી મારી મોત તરફ ધકેલતા અટકાવ્યો.

૨૦૦૪ માં જ્યારે હું વ્હાઈટફિલ્ડ આશ્રમમાં હતો, ત્યારે સ્વામીએ મને એક દિવસ બોલાવ્યો અને સ્વામીના નિવાસસ્થાન 'ત્રયી' માં હાજર રહેલાં વિદ્યાર્થીઓ સમક્ષ ઉપરોક્ત ઘટના વર્ણવવા માટે કહ્યું. મારા વર્ણન પછી સ્વામીએ વિદ્યાર્થીઓને કહ્યું કે જ્યારે તે અધિકારીએ વિઝીટીંગ કાર્ડ પોતાના હાથમાં લીધું, ત્યારે તેણે સ્વામીની તસ્વીર જોઈ અને જોતાની સાથે જ મને (ડૉકટર કિશન ગઢિયાને) મારી નાંખવાનો વિચાર બદલી નાંખ્યો. સ્વામીએ ખાતરી કરાવી કે તેઓએ લશ્કરી અધિકારીના મનનું પરિવર્તન સંપૂર્ણ પણે કરી મને જવા દેવાની પ્રેરણા આપેલી.

હવે ઉપરોક્ત ઘટનાનો પાછળનો ભાગ પણ સૌથી વધારે રોચક અને રસપ્રદ હતો. સ્વામીએ કહ્યું, તે લશ્કરી અધિકારીએ વિઝીટીંગ કાર્ડમાં સ્વામીના સ્વરૂપને જોયા પછી તેમના ફોટાને શોધી કાઢ્યો અને યુગાન્ડામાં પોતાના ઘરમાં તે ફોટો તેણે રાખી લીધો, તેમજ તેમના ફોટા સામે ધ્યાન કરવા બેસતો. સ્વામીએ કહ્યું કે એક દિવસ તે ધ્યાન કરતો હતો, ત્યારે તેના ઓરડામાં

કોઈના હસવાનો અવાજ સાંભળ્યો. તે વખતે, તેને ખૂબ નવાઈ લાગી કારણ કે ઓરડામાં તેના સિવાય કોઈ જ ન હતું. તે ફોટામાંથી હું બહાર આવ્યો અને તે અમલદારને પુટ્ટપર્તિ આશીર્વાદ લેવા માટે આવવાનું કહ્યું, તેમજ સ્વામીએ તેને ઘાતકી અને હિંસક માણસ બનવાનું છોડી દેવા માટે કહ્યું.

ત્યારબાદ સ્વામીએ સૌને ચોંકાવી દીધા કે લશ્કરી અધિકારી પુટપાર્થી આશીર્વાદ માટે આવ્યા અને તેમને એક મુલાકાતમાં બોલાવવામાં આવ્યા હતા. ઇન્ટરવ્યૂમાં, સ્વામીએ તેમને તેમના પ્રેમના પ્રતીક રૂપે ઝભ્ભો આપ્યો. જ્યાં સુધી સ્વામીએ તે દિવસે તેનો ઉલ્લેખ કર્યો નહતો ત્યાં સુધી હું આ ઘટનાથી તદ્દન અજાણ હતો. હું ખૂબ જ આશ્ચર્ય પામ્યો. સ્વામીએ કહ્યું કે તેમણે તે લશ્કરી અધિકારીને વાલિયામાંથી વાલ્મિકીમાં પરિવર્તિત કરી દીધેલો.

**<u>ઉપસંહાર.</u>**

સ્વામીએ મારા અને મારા કુટુંબ માટે છેલ્લા પચાસ કરતાં વધારે વર્ષોમાં ઘણાં ચમત્કારો કરેલ છે, જેમાં ઔષધીય તેમજ નાણાકીય સમસ્યાઓનો સમાવેશ થાય છે. મારા પરિવારના બધા જ સભ્યોને સ્વામીમાં પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે અને બદલામાં સ્વામીએ અમારા બધા ઉપર પ્રેમ અને આશીર્વાદનો વરસાદ વરસાવેલ છે.

- લેખકશ્રી - વ્યવસાયે ડૉક્ટર અને પાંચ દાયકા કરતા વધારે સમયથી ઉત્સાહી ભક્ત હતાં.

ભગવાનનો શ્રી રામનવમી સંદેશ

# તમારા હૃદયમાં રાજ રાજ્ય સ્થાપિત કરો

જે વ્યક્તિનું હૃદય દયા-કરૂણાસભર હોય, જેની વાણીમાંથી સત્ય નીતરતું હોય અને જેનો સમગ્ર દેહ માનવ સેવામાં સમર્પિત હોય, તેનું, કળિયુગના દુષ્પ્રભાવો શું અનિષ્ટ કરી શકે?

(સંસ્કૃત શ્લોક )

**<u>ભગવાન રામ દ્વારા સ્થાપિત કરેલ આદર્શોને જીવનમાં અનુસરો</u>**

વ્હાલા દિવ્ય પ્રેમ સ્વરૂપો,

શાંત મન, સત્યભીની વાણી, અને સેવા સમર્પિત શરીર આ ત્રણ ગુણાત્મક લક્ષણો ધરાવનાર વ્યક્તિ ત્રિગુણધારી પવિત્ર વ્યક્તિ છે- એટલે નરોમાં ઉત્તમ 'નરોત્તમ' છે.

મહામુનિ તુલસીદાસે કહ્યું છે કે માનવ જીવનની પળે પળ અને શક્તિનો કણે કણ જો દિવ્યતાના સાક્ષાત્કાર માટે વપરાય તો પુન: પુન: માનવ જન્મ પ્રાપ્ત થાય છે. સૃષ્ટિના સર્વ જીવો અને પદાર્થો ઈશ્વર સમાન જ છે કારણકે પ્રત્યેકમાં ઈશ્વરનો અંશ રહેલો છે. કણ કણમાં ભગવાન. શાસ્ત્રો દ્વારા પ્રતિપાદિત થયેલ સત્ય આ છે. 'સર્વમ્ ખલ્વીદમ્ બ્રહ્મ' સર્વ જીવો બ્રહ્મસ્વરૂપ જ છે. અને તેથી જ જેઓ પોતાના પરમ ઈષ્ટદેવની પૂજા કરે છે તેમણે પ્રકૃતિની પણ પૂજા કરવી જોઈએ. તેણે પ્રકૃતિને પ્રેમ કરવો જોઈએ, પ્રકૃતિની આરાધના કરવી જોઈએ. પરમાત્મા અને પ્રકૃતિ ભિન્ન નથી જ. પરમાત્મા કારણ સ્વરૂપ છે અને પ્રકૃતિ ફળસ્વરૂપ છે. પ્રકૃતિ તો કાર્ય અને કારણના સુયોગનું જ પ્રતિબિંબ છે.

ભલાઈ એ પરમાત્માનો પર્યાય છે.

પરમાત્માના ગુણોનું ચિંતન-ધ્યાન જ મનુષ્યના જીવનમાં પૂર્ણ સંતોષ સિદ્ધ કરે છે. આ દિશામાં નહિ વિચારનાર વ્યક્તિનો દેહ એ માત્ર માટીનો પીંડો જ છે.

પરમાત્માની વાણી, પરમાત્માના કાર્યો, પરમાત્માના વિચારો સદા સર્વદા-શુદ્ધ, નિ:સ્વાર્થ અને અનંત અમૂલ્ય છે. આ સત્યના ઉદાહરણરૂપે રામાયણના એક પ્રસંગને ટાંકવામાં આવ્યો છે.

**<u>સર્વવ્યાપકતાની પ્રતીતિ કરાવતા ભગવાનની નાટકીય લીલાઓ.</u>**

એકવાર વિશ્વામિત્ર મુનિ સાથે વિહાર કરતા કરતા ભગવાન રામ ગૌતમઋષિના આશ્રમમાં આવ્યા. તેઓ એક શીલા પર બેઠા અને તે જ ક્ષણે એક સ્ત્રી સ્વરૂપ પ્રગટ થયું. જો કે પોતાના ચરણના સ્પર્શ માત્રથી જ એક પથ્થરે સ્ત્રીનું રૂપ ધારણ કર્યું જે ભગવાન રામને માટે ગર્વની વાત ન હતી. આથી વિપરીત તેમને દુઃખ થયું કે એક ઋષિ પત્નીને પોતાના પગ અડ્યા, અને તેથી ખોટુ થયું હોય એવું લાગ્યું. આ દર્શાવે છે કે ઋષિમુનિઓના મનમાં ભગવાનનો વાસ છે. આ રીતે પ્રભુ સૃષ્ટિમાં પોતાની સર્વવ્યાપકતા દર્શાવવા આ પ્રકારની નાટકીય રમતો રમતા.

એક અન્ય પ્રસંગ છે જે દિવ્યત્વ પ્રગટ કરે છે. પોતાના પ્રત્યેના હનુમાનના પ્રેમ-આદર અને સેવા તથા પરાક્રમપૂર્ણ કાર્યોથી પ્રસન્નતા અનુભવતા ભગવાન રામે પ્રશ્ન કર્યો, “હનુમાન તમારી સેવાના બદલામાં હું તમને શું આપું? માત્ર શબ્દો દ્વારા પ્રશસ્તિ કરી ઋણ વ્યક્ત કરવા સિવાય યોગ્ય બદલો શી રીતે વાળી શકું? “હનુમાન! હું તને શું પુરસ્કાર આપી શકું? તારા પ્રત્યે મારો આભાર વ્યક્ત કરવા ઉપરાંત, હું તને કોઈ યોગ્ય વળતર આપી શકતો નથી. તારો આભાર વ્યક્ત કરવાનો એક માત્ર રસ્તો એ છે કે જીવનમાં જ્યારે જ્યારે તું મને યાદ કરીશ ત્યારે ત્યારે હું તારી સમક્ષ હાજર થઈશ.” આ રીતે ભગવાન રામ હનુમાન પ્રત્યે પોતાનો આભાર વ્યક્ત કરતા. આ પ્રસંગ એ બાબતનો નિર્દેશ કરે છે કે તમારું ભલું કરનાર વ્યક્તિ પ્રત્યે ઋણ વ્યક્ત કરવાની તમારી ફરજ છે.

માણસે પોતાની દિવ્યતાની અનુભૂતિ કરવી જોઈએ અને પ્રકૃતિના પ્રત્યેક તત્વ પ્રત્યે તેવો જ દ્રષ્ટિકોણ અપનાવવો જોઈએ. જ્યારે આનાથી વિપરીત આજે વ્યક્તિ દરેક પદાર્થ કે જીવ પ્રત્યે ઐહિક દૃષ્ટિકોણ અપનાવે છે. આ શરીર તો ખરેખર નાશવંત છે. પરંતુ તે નાશવંત શરીર અવિનાશી સત્યની અનુભૂતિનું સાધન પણ છે. એટલે આનો અર્થ એ છે કે આપણી વાણી પણ દિવ્યતા સભર હોવી જ જોઈએ. આપણા સર્વ કાર્યો ભગવદીય અને આપણા વિચારો માત્ર ભગવાન વિશે જ હોવા જોઈએ.

આ જ યાચના ત્યાગરાજે પોતાના મન પ્રત્યે કરી હતી: “રે મન, સદા રામ સ્મરણ કર તું.” ત્યાગરાજ સદૈવ રામનું રટણ કરતા અને સદાયે રામનું સ્તુતિગાન જ ગાતા. વિશ્વ માટે આ એક આદર્શ ઉદાહરણ છે.

**<u>રામ-સદાચારનું આદર્શ ઉદાહરણ.</u>**

જનસામાન્યએ વિશ્વમાં કેવો વ્યવહાર રાખવો જોઈએ, દેશનું શાસન શી રીતે કરવું જોઈએ, માનવજાતની અખંડતા અને નૈતિકતાનું જતન શી રીતે કરવું જોઈએ, ભગવાન રામ તે માટેનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ છે. ઊંચા વિચારો, ઉન્નત કાર્યો આદર્શ ગુણો અને પવિત્ર વિચારો ચારિત્ર્યના પાયારૂપ છે. ભગવાન રામ આ સર્વશ્રેષ્ઠ ત્રણેય ગુણોનું સાક્ષાત સ્વરૂપ છે. સદવિચાર, સદવાણી

અને સદાચાર થકી જ આદર્શ જીવન જીવી શકાય તેનુ શ્રેષ્ઠ અનુકરણીય ઉદાહરણ ભગવાન રામે પોતાના જીવન દ્વારા દર્શાવ્યું. એટલે હરેક માનવીએ પોતાના જીવનમાં સદગુણોનું અનુસરણ કરવું જોઈએ. ભગવાન રામે જીવનમાં અતિ પ્રાચીન સૂત્રોનું અનુસરણ કર્યું. "હંમેશ સત્ય બોલો, ધર્મને અનુસરો, કઠોર શબ્દોના ઉચ્ચારણને ટાળો. ભગવાન રામ સૌ પ્રત્યે મધુર વાણી-વ્યવહાર કરતા. અન્યના કઠોર વ્યવહાર સામે પણ રામ સદાય સ્વસ્થતા, ધૈર્ય જાળવતા અને પ્રતિધ્વનિ રૂપે મધુરતા અને સ્મિત વેરતા. બીજાઓની બાબતમાં રામ કદી રસ ન લેતા- ન તો કોઈના દોષ જોતા કે ન કદી કોઈની હાંસી ઉડાવતા, ન તો પોતાના વાણી વ્યવહારથી કોઈની લાગણી દુભવતા. આથી જ સૌ કોઈએ રામના આદર્શને અપનાવી, તેમના ઉમદા ગુણોને જીવનમાં ઉતારવા જોઈએ. આપણે વિચારોમાં પવિત્રતા જાળવવી જોઈએ.

**<u>પોતાના વચન (સંકલ્પ) માંથી પીછેહઠ ન કરવી જોઈએ.</u>**

મનુષ્ય સ્વયં દિવ્યતાની પ્રતિકૃતિ છે. ભગવાને ગીતામાં કહ્યું છે: "સર્વ જીવોમાં તત્વ રૂપે હું જ તો વસેલો છું." ભગવાન તો સૌના હૃદયમંદિરમાં બિરાજેલ છે. આજે તો સત્તાની દોડમાં માનવી કોઈપણ ગુન્હો કરવા કે પાપ આચરવામાં પાછી પાની કરતો નથી. પોતાનો સ્વાર્થ સાધવા માટે ગમે તેવા અત્યાચારો કરતાં પણ અચકાતો નથી. જ્યારે તેનાથી તદ્દન વિરૂદ્ધ ભગવાન રામે, પિતાના વચનના પાલન અર્થે રાજપાટ છોડ્યા અને વનવાસ ધારણ કર્યો. ભગવાન રામે જગતને બતાવ્યું કે 'પોતાના વચનોમાં ક્યારેય પણ પીછેહઠ ન કરવી જોઈએ, રામે રાજમહેલ છોડ્યા અને વનવાસ ધારણ કર્યો-રાજવંશી મટી વનવાસી બન્યા, પિતાની પ્રતિજ્ઞાના પાલન ખાતર રાજમહેલના સુખ શાંતિ ત્યાગીને, વનજીવન સ્વીકાર્યું. જીવનમાં સુખ સગવડ કે સુવિધાનું મહત્વ જ નથી. જીવનમાં સત્યનું સર્વોચ્ચ પ્રાધાન્ય હોય તે દૃષ્ટાંત રામે વિશ્વ સમક્ષ મૂક્યું. જીવનના ભોગે પણ પોતાના વચનનું પાલન કરવું જોઈએ.

આજે તો માનવી પોતે આપેલા વચનનું પળે પળે ઉલ્લંઘન કરે છે. પગલે પગલે તેઓ જુઠાણાંને અનુસરે છે. વચનો વિસરાય છે. આવા વાતાવરણમાં રામના આદર્શોનું અનુસરણ શી રીતે થાય? રામનો આદર્શ તો આજના કલુષિત વાતાવરણથી જોજનો દૂર છે.

ભગવાન એવા લોકોની નજીક હોય છે જેમના વિચારો, આદર્શો અને કાર્યો ભગવાન રામના આદર્શોને અનુરૂપ હોય. રામ 'એકવચની' હતા જ્યારે આજનો માનવી તેથી તદ્દન વિપરીત છે. એવો પણ પ્રશ્ન થાય કે "આ સંજોગોમાં એવું શી રીતે કહી શકાય કે માનવીની ભીતર દિવ્યતા રહેલી છે?" સહેજ પણ નહીં. આવા મનુષ્યો કાં તો પાશવી અથવા તો રાક્ષસી સ્વભાવના હોય છે. આ માપદંડથી જોવામાં આવે તો વ્યક્તિ ગમે તેવી સાધના કરે કે ભગવાનના નામનું રટણ કરે તેથી કાંઈ ઈશ્વર શરણ પ્રાપ્ત ન થાય. હૃદયનું પરિવર્તન શું છે? જ્યાં સુધી માનવીના હૃદયનું પરિવર્તન ન થાય ત્યાં સુધી અધ્યાત્મ સાધનાનો શો અર્થ?.

**<u>દેહરૂપી દેવાલયમાં રહેલી દિવ્યતા.</u>**

મનુષ્ય માત્ર હાડમાંસનું માળખું નથી. તે આત્માનું મૂર્તિમંત સ્વરૂપ છે. જ્યારે માણસને આ સત્ય સમજાય ત્યારે જ અધ્યાત્મનું સાચું દર્શન

થાય. ફક્ત તે માનવી જ યોગ્ય છે કે જે તેના દેહ રૂપી દેવાલયમાં રહેલા અનંતતત્વને ઓળખે છે. શાસ્ત્રો કહે છે કે "દેહ રૂપી દેવાલયમાં 'સ્વ' તત્વ અને નિત્ય અનંત તત્વનો વાસ છે. આના અનુસંધાનમાં એ પણ નોંધવું જરૂરી છે કે આ વિષયમાં વિદ્વાનો અને બૌદ્ધિકો પણ અસમંજસ અનુભવે છે. સત્તા, પદ અને પ્રતિષ્ઠા પાછળ અનંત મુશ્કેલીઓનો સામનો કરે છે તેઓ એક ઘડી પણ ઈશ્વર કૃપાની પ્રાપ્તિ માટે પ્રયાસ કરતા નથી. રામ કથા દ્વારા જે બોધપાઠ મળે છે તે તદ્દન અલગ છે. તુલસીદાસે ભગવાનને પ્રાર્થનામય શબ્દોમાં પોતાની પંગુતા દર્શાવી, "પ્રભુ હું તો પંગુ, મૂઢ, રંક, લાચાર છું!" તેમને હાથ, પગ સર્વ હોવા છતાં પ્રભુ સમક્ષ પંગૂતા વ્યક્ત કરી. તેમણે શા માટે પોતાની જાતને પંગુ કહી? આનો ગુઢાર્થ શું છે? " હે રામ, મારા હાથ હોવા છતાં કોઈની સેવા ન કરી શકું તો એ હાથ શા કામના? તમારા દર્શન ન કરી શકે તો એ આંખ શું કામની? હે પ્રભુ હું તો આંખો હોવા છતાં પણ સાચે જ અંધ છું". આમ તુલસીદાસ કહે છે કે મનુષ્યના અંગો પ્રભુ સેવાના ઉપયોગમાં ન આવે તો તે ન હોવા સમાન છે."

પુરણદાસે પણ આ જ ભાવાર્થમાં કહ્યું છે. "અરેરે ! જ્યારે મને આંખો મળી છે છતાં મારા પ્રભુના દિવ્ય દર્શન ન કરી શકું ! અરે કાન હોવા છતાં ભગવાનની સ્તુતિનું શ્રવણ ન કરી શકું. હે પ્રભુ આટલી લાચારી!"

આજનો માનવી, આંખો વડે સંસારના ભૌતિક આકર્ષણો પ્રત્યે દોરવાય છે- પરંતુ પ્રભુના દૈદિપ્યમાન સ્વરૂપના દર્શન નથી કરતો. જ્યાં સુધી માનવી સંસારના બંધનમાં જકડાયેલો રહે છે, ત્યાં સુધી દિવ્યતાને પામી શક્તો નથી. સંસારની પ્રતિભાશાળી વ્યક્તિઓ પણ આ નબળાઈનો ભોગ બને છે. આ તો છે કળિયુગનો પ્રભાવ.

**ધર્મ (નીતિ) નું શાસન એ શાસન જ "રામરાજ્ય".**

પહેલા તો આપણે એ સમજીએ કે 'રામરાજ્ય' શુ છે? 'રામરાજ્ય' એટલે નીતિ, સત્ય અને સદગુણો પર આધારિત રાજ્ય. જે સુખ (રામાયતી)નો અનુભવ કરાવે તે 'રામરાજ્ય'. સૌ પ્રત્યે સદભાવ. કોઈના પણ પ્રત્યે કુભાવ નહીં. કોઈનું મનદુઃખ નહીં. આ છે 'રામરાજ્ય'ની ભાવના. જ્યારે દરેકના મનમાં આવો ભાવ ઉદભવે ત્યારે આપોઆપ જ 'રામરાજ્ય'નો પ્રાદુર્ભાવ થાય.

એવી ભાવનાથી તુલસીદાસે રામની સ્તુતી કરી છે. તેમનું રામાયણ આવા ભક્તિભાવથી છલકાતો મહાગ્રંથ છે. તેમણે ભગવાન રામ સમક્ષ હૈયુ ઠાલવ્યું છે: ' હે રામ હું તો શક્તિવિહીન છું. ન તો મેં કોઈ સાધના કરી છે કે ન તો મેં ધ્યાન ધર્યું છે. ન તો મારી પાસે અન્ય કોઈ મૂડી કે સંપત્તિ છે, એક માત્ર મૂડી છે તે છે 'પ્રેમ'. પ્રભુ, તમને પ્રેમ ખાતર જ પ્રેમ કરું છું-ન કોઈ લાલસા ન કોઈ અપેક્ષા.' જપ, યોગ કે ધ્યાન જેવી અધ્યાત્મ સાધના, તમને ઈશ્વર સાક્ષાત્કાર ન કરાવી શકે. જો કે મારો કહેવાનો હેતુ એ નથી, કે તમે અધ્યાત્મ પ્રવૃત્તિ છોડી દો. પરંતુ અન્ય કોઈપણ માર્ગ કરતા ભક્તિમાર્ગ વધારે સારો છે. પરંતુ જો તમારે ઈશ્વરનું સામિપ્ય મેળવવું હોય તો હૃદય પરિવર્તન આવશ્યક છે. જેવું વાવો તેવું લણો. પ્રેમના બીજ વાવો તો પ્રેમના ફળ પ્રાપ્ત થાય. અમરત્વના બીજ રોપો અને અમરત્વના ફળ લણો. આજે તો લોકો વિષના બીજ રોપે અને મધુરતાના ફળ ચાખવાની અપેક્ષા રાખે છે. આ

તદ્દન અવિચારી કૃત્ય છે.

કેટલાક લોકો માને છે કે તેઓ આધ્યાત્મિક સિદ્ધિ માટે એટલા શક્તિમાન નથી. પરંતુ પાપ આચરવાની, દુષ્કર્મો કરવાની શક્તિ તો તમે ધરાવો જ છો. સત્ કર્મો અને દુષ્ કર્મો કરવા માટેની શક્તિ અલગ-અલગ હોતી નથી. હકીકતમાં તો સદાચાર અને પુણ્યકર્મો કરવા તે પાપાચરણ કરવાની તુલનામાં વધારે સરળ છે. અસત્યનું ઉચ્ચારણ વધારે મુશ્કેલ છે જ્યારે સત્યનું ઉચ્ચારણ એટલું જ સરળ છે. સત્ય બોલવા માટે કોઈ ખાસ પ્રયાસ કરવો પડતો જ નથી. પરંતુ જે અસત્ય છે તેને સત્ય પ્રતિપાદિત કરવામાં સારી એવી શક્તિ ખર્ચાઈ જાય છે. માટે જ અસત્ય ઉચ્ચારવું અતિકઠિન-અતિ મુશ્કેલ છે. તે પ્રમાણે, કોઈકને છેતરવા, એ પ્રામાણિક હોવા કરતા વધુ કષ્ટપ્રદ છે.

ઘણા ભક્તો સ્વામીને કહે છે, કે તેઓ સંસારની માયાજાળમાં એવા ફસાયા છે કે તેમાંથી છૂટી શકતા નથી. પરંતુ સત્ય શું છે? તમે સંસાર ને વળગી રહ્યા છો કે પછી સંસારે તમને બેડીમાં જકડી રાખ્યા છે? શું સંસાર પાસે તમને પકડી રાખવા હાથ છે ? તમને હાથ છે, તમે સંસારને પકડી રાખ્યો છે. સંસારે તમને પકડ્યા જ નથી. આ તો એક મોટો વિરોધાભાસ છે. તમે કહો છો કે સંસારે તમને પકડી લીધા છે, જ્યારે સત્ય આનાથી વિપરીત જ છે.

સંસાર પ્રત્યેની વધુ પડતી આસક્તિ જ, માણસની વિડંબનાનું કારણ બને છે. જે કાંઈ કરો તે ઈશ્વરને અર્પણ કરો. પ્રભુમાં શ્રદ્ધા વિનાનો માણસ, માનવતા વિહીન હોય છે.

**ધાર્મિક સંમેલનો તરફ મનને વાળો.**

ભજનમાં ઉપસ્થિત ભક્તો ભજન પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે આમથી તેમ નજર ફેરવતા રહે છે. જો તેમને ભજનમાં રસ ન હોય તો અહીં આવે છે શા માટે?

એકવાર વિદ્વાનો અને ઉપાસકોની ઉપસ્થિતિમાં, રામકૃષ્ણ પરમહંસે રાણી રાસમણિને એક થપ્પડ મારી હતી. રામકૃષ્ણના આવા વર્તનથી ત્યાં ઉપસ્થિત સૌને આશ્ચર્ય થયું. રાણી રાસમણીને પણ અપમાન લાગ્યું. રામકૃષ્ણે આનો ખુલાસો કર્યો કે, ધાર્મિક વિધાનમાં રાણી રાસમણી કચેરીના કાર્ય અંગે વિચારી રહ્યા હતા. આ તદ્દન અયોગ્ય હતું અને તેથી તેમણે એક થપ્પડ મારી. ભજનમાં બેઠેલા ભક્તો માટે, ભજન સત્રમાં બેસીને, સંસારના વિચારોમાં મગ્ન બનવું પણ એટલું જ અયોગ્ય છે. સત્સંગમાં બેસીને માણસ ખરાબ વિચારોમાં શી રીતે મન પરોવી શકે? સત્સંગ શું છે? એ માત્ર દસ બાર ભક્તોનું ભેગા થવું નથી. સત્ શબ્દ ત્રણેય કાળ,-ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ સાથે અસ્તિત્વ ધરાવે છે. આ શબ્દ દિવ્યત્વનેં સ્પર્શે છે એટલે સત્સંગનો અર્થ જ દિવ્યસંગ.

**અંતરની લાગણી થકી જ પરમાત્મા પ્રસન્ન થાય છે.**

પ્રત્યેક શબ્દમાં ગુઢ અર્થ રહેલો છે. પરંતુ સામાન્ય લોકોને શબ્દોના ગુઢ અર્થમાં રસ પડતો નથી. તેઓને તો માત્ર કર્ણપ્રિય અને ક્ષુલ્લક વિષયોમાં જ આનંદ આવે છે. પરંતુ હું આ રીતે લોકોને રાજી કરવા માંગતો નથી. સત્યની સમજ તો પડવી જ જોઈએ. સત્યાર્થ સમજવો જ જોઈએ. કોઈક દિવસે, આજે નહીં તો કાલે લોકો આ સત્ય સમજશે. ભૌતિક વાતોથી લોકો રાજી જરૂર થશે, પરંતુ તે અલ્પ સમય માટે. તેવી વાતોનું અધ્યાત્મમાં મૂલ્ય હોતું નથી. પરમાત્મા

તો અંતરની લાગણીઓથી જ પ્રસન્ન રહે છે નહીં કે બાહ્ય દેખાવોથી. પરંતુ મોટાભાગના લોકોને માત્ર બાહ્ય લાગણીઓમાં જ રસ હોય છે, નહીં કે આંતરિક લાગણીઓમાં. તેઓ આંતરિક લાગણી માટે ક્યારેય ચિંતિત હોતા નથી. ઝાડની એક ડાળખી તોડીને રેતીમાં રોપશો તો તે ઊગશે ખરી? તેને તો એવી માટીમાં રોપવી પડે જેમાં તેના મૂળ ઊંડે સુધી સ્થિર થાય. તેજ પ્રમાણે લાગણી તો અંતરમાંથી ઉદભવે છે અને હૃદયના ઊંડાણમાં તેના મૂળ સ્થાપિત થાય છે. અંતરમાં લાગણીના મૂળ પ્રસ્થાપિત થાય, તો જ તેના સુફળ અંદર-બહાર પ્રાપ્ત થાય. અને તેથી ભીતરમાં લાગણીની કૂંપળો કેળવો, તો તેના ફળ અવશ્ય પ્રાપ્ત થશે.

આવા પાવન, મંગલકારી આદર્શો અને ઉપદેશો, શ્રી ભરતજી અને શ્રીરામના શાસનકાળ દરમ્યાન પ્રાપ્ત થયા. આપણે જ્યારે 'રામરાજ્ય'ની કલ્પના કરીએ છીએ ત્યારે તે માત્ર ભારત માટે જ છે એવું ન માનશો. સમગ્ર વિશ્વને 'રામરાજ્ય' ની જરૂર છે. એટલે શાસકોમાં ઓછામાં ઓછા ત્રણ ગુણો હોવા જોઈએ. તે ત્રણ ગુણો છે: સત્પ્રવર્તન (નૈતિક-ધર્મ આધારિત વ્યવહાર), સદાલોચના (સારી સલાહ), સદગુણ (સારા ગુણ). શાસકમાં આ ત્રણેય ગુણો હોવા જોઈએ. આજે તો સાચી સલાહ પણ જવલ્લે જ જોવા મળે છે. વિચાર, વાણી અને વર્તનમાં એકવાક્યતા હોય, એવી ઉચ્ચ આદર્શધારી વ્યક્તિએ સત્તાની ધૂરા સંભાળવી જોઈએ. વિચારે કંઈક, બોલે કંઈક અને આચરે કંઈક જુદું, એવા દુષ્ટ લોકો માટે સત્તામાં કોઈ સ્થાન હોવું જોઈએ નહીં.

સાઈ ભક્તોના મન અને હૃદય પવિત્ર, શુદ્ધ વિચારોથી સભર હોવા જોઈએ. ક્રમસે ક્રમ આજથી દૂર્વિચારો ત્યાગવાનો સંકલ્પ કરો. તમારા મનને ઈશ્વર તરફ વાળો. 'રામરાજ્ય'ને હૃદયમાં સ્થાપિત કરો. આવું વાતાવરણ સાકાર થશે ત્યારે વિશ્વ 'રામરાજ્ય'ના આદર્શોનો અનુભવ કરશે.

શ્રી રામના આદર્શોને હૃદયમાં સ્થાપી શક્ય એટલું આચરણમાં મૂકો. આ માટે કોઇ ખર્ચ કરવાનો નથી. ન તો કોઈ આસન કે યોગ કરવાની આવશ્યકતા છે, કે ન તો જંગલમાં જઈને તપશ્ચર્યા કરવાની. ઘરમાં જ રહીને, સમાજમાં જ રહીને, તમારી ફરજો બજાવતા રહીને હૃદયને શુદ્ધ-પાવન-પવિત્ર બનાવી શકશો.

**(તા. ૯મી એપ્રિલ ૧૯૯૫ ના દિવસે સાઈ રમેશક્રિષ્ણ હોલ, વૃંદાવન - બેંગ્લોરમાં રામનવમી પ્રસંગે આપેલ પ્રવચનના કેટલાક અંશો)**

## મુશ્કેલીઓ, સારા માટે જ છે :

**કદાચ એવું બને; તમારે દુઃખ, આપત્તિઓનો સામનો કરવો પડે, કે સંઘર્ષ આવે, પણ તમારે ચિંતા કરવી જોઇએ નહીં. આ બધું તમારા સારા માટે જ થાય છે. જ્યારે પણ તમને મુશ્કેલી પડે કે તરત મનમાં બોલો આ મારા માટે સારું જ છે, આ મારા માટે સારુ જ છે. ભગવાને આ બધી આપત્તિઓ કદાચ મારા સારા માટે જ આપી છે, તેથી ક્યારેય હતાશ ન થશો.** Disappointment is appointment to me. **તમારી હતાશા કદાચ મારી તરફનું ખુલેલુ દ્વાર છે.**

# નિઃસ્વાર્થ સેવા તમારી નિયતિને બદલી નાંખે છે

ટી.જી. કૃષ્ણમુર્તિ

૨૯ મી જુલાઇ ૧૯૯૦ નો દિવસ હતો. હું બેંગાલુરૂ (બેંગલુરુ) થી મારી મોટરમાં મુસાફરી કરી રહ્યો હતો. સાથે મારી પત્ની હતી અને મારો એક ખાસ મિત્ર પણ હતો. મારી પત્ની, મારી ડાબી બાજુની બેઠક પર હતી અને મારો મિત્ર પાછળની બેઠક પર બેઠો હતો. હું મોટર હંકારી રહ્યો હતો. મોટર બેંગાલુરૂથી ચિક્કબલપુર તરફ જઈ રહી હતી. બેંગાલુરૂથી ચિક્કબલપુર પહેલા લગભગ સાત કિલો મીટર આગળ, મારી દૃષ્ટિ એક ભેંસ પર પડી જે રોડને પેલે પાર જઈ રહી હતી. મેં તુરત જ મોટરની બ્રેક લગાવી. ભેંસ સહી-સલામત રીતે દોડી ગઈ પણ અમારી મોટર, ચાર જેટલી ગુલાંટો ખાઇ ગઈ અને ફરી ચાર પૈડા પર ઉભી રહી ગઈ. સાંકડા રસ્તાની બન્ને બાજુ ૨૦ ફૂટ જેટલી ઊંડી ખાઈ હતી. જો કે મોટરની આગળ તેમજ પાછળની બાજુએ સહેજ પણ વાહન-વ્યવહાર ન હતો. મેં મારી પત્નીને પૂછ્યું કે વાગ્યું તો નથીને? હાડકામાં કોઈ ઈજા થઈ છે કે કેમ; તેણે જોયું તો, તેનું શરીર સહી સલામત હતું. મારા મિત્રને પૂછતા તે પણ સહી સલામત હતો. મારા ગળાના જમણા ભાગનું હાડકું ઈજાગ્રસ્ત હતું. પરિણામ સ્વરુપ હું મારો જમણો હાથ ઉંચો કરી શક્તો ન હતો. જો કે ઈંધણ ટાંકી પૂરી ભરેલી હતી પણ મોટરમાં ધડાકો થયો ન હતો.

ગમે તે રીતે મોટર ચાલુ થઇ. મેં કાર બળદગાડાની ગતિથી હંકારી અને ચિક્કબલપુર પહોંચ્યા. ત્યારબાદ બેંગાલુરૂમાં રહેતા મારા અંગત સ્નેહીઓ સાથે ટેલીફોનથી સંપર્ક કર્યો. તે સમયે આજની જેમ મોબાઈલ કે સેલ ફોન ન હતા. જ્યારે તેઓએ મારી મોટરની દુર્દશા જોઈ તો તેઓએ વિચાર્યું કે અંદર બેસનાર એક પણ વ્યક્તિ બચી શકે નહીં. મોટર લગભગ ચાર વાર ઉપર-નીચે ગોથા ખાઈ ચૂકી હતી. અમારી સ્વાસ્થ્ય ચિકિત્સા માટે, તેઓ અમને બેંગાલુરુમાં ડોક્ટર પાસે લઈ ગયા. ડોક્ટરે સલાહ આપી કે શરીર તથા હાડકાની તુરંત તપાસ કરાવી લો. મને આ બાબતમાં સ્હેજ પણ રસ ન હતો. મારી પત્નીને પણ કોઈ રસ ન હતો. મારો મિત્ર પણ આ માટે ઉત્સાહિત ન હતો. અમે જીવીએ કે મરીએ, સ્વામીની ઈચ્છા સર્વોપરી હતી. અમારી નહીં, અમે શરીરની સ્હેજ પણ કાળજી કરી નહીં. આ પ્રમાણે વિચારતા, અમે ચેન્નાઈ (મદ્રાસ) પાછા ફર્યા. ત્યાંથી મેં સ્વામીને તુરંત જ તાર કરીને જણાવ્યું કે સ્વામી મને અકસ્માત નડ્યો છે અને તેથી આવી શક્યો નથી. પણ જેટલું શક્ય હશે તેટલું જલ્દી દર્શન માટે આવીશ. ડોક્ટરે, મારી ઈજાના સ્થાને પાટા-પીંડી કરી અને જણાવ્યું કે ૨૧ દિવસમાં ઈજા એની જાતે જ મટી જશે. પણ અઠવાડીયા પછી હું પુટ્ટપર્તી ગયો. શ્રી સત્ય સાઇ એરપોર્ટ, પુટ્ટપર્તીનો હવાલો, ત્યારે કેપ્ટન ઑબેરોયના હાથમાં હતો. તેઓ, તે અગાઉ ઈન્ડીયન એર લાઇન્સ, ચેન્નાઈમાં જનરલ મેનેજર હતાં. ત્યારપછી તેઓ સ્વામીના ભક્ત બન્યા અને પુટ્ટપર્તીમા રહ્યાં. તેઓ મારા મિત્ર હતા. જે ક્ષણે હું ત્યાં પહોંચ્યો તેમણે તે જ ક્ષણે મને શુભેચ્છા પાઠવી. "હેલ્લો, ટીજીકે, હવે અકસ્માત પછી તમે કેમ છો? "શું અકસ્માત?"

આશ્ચર્ય સાથે મેં તેમને પૂછ્યું !

"હેય, ૨૯ જુલાઈને સોમવારના દિવસે ૧૦.૪૮ કલાકે તું પડી ગયો અને તારી મોટર ઉપર-નીચે ચાર ગુલાંટો ખાઈ ગઈ અને મોટરને નુકશાન થયું. કેપ્ટન ઑબેરોયે વિસ્તારથી દરેક વસ્તુનું વર્ણન કર્યું. મને આશ્ચર્ય એ હતું કે, આ બધી વસ્તુની તેમને ખબર કેવી રીતે પડી. કારણ કે આ અંગે મેં કોઈને પણ વાત કરી ન હતી. સ્વામીને પણ નહીં. મેં કોઈ બાબત વિસ્તારથી જણાવી ન હતી (સિવાય કે મને અકસ્માત થયો હતો).

ઑબેરોયે થોડા સમય મારી પજવણી કરી, પછી મેં તેને પૂછ્યું કે આ બધી બાબતની તને ખબર કેવી રીતે પડી. તેણે પછી વિસ્તારથી જણાવ્યું કે, સ્વામી તે દિવસે ૧૦.૪૯ કલાકે બહાર આવ્યા અને મને પૂછ્યું, "તું તારા મિત્ર કૃષ્ણમૂર્તિને જાણે છે ને?" મેં કહ્યું, "હા સ્વામી". 'તેમણે' મને પછી કહ્યું અને વાત આગળ ચલાવી. "પેલી (એટલે કે ટીજીકે) ભેંસે બીજી ભેંસને રસ્તા પર જોઈ અને મોટરને બ્રેક લગાવી. એ ભેંસ તો જતી રહી પણ આ ભેંસ મોટર સાથે ઉપર-નીચે ચાર ગુલાંટો ખાઇ ગઈ. મારે મોટર સામેનો તથા મોટર પાછળનો વાહન-વ્યવહાર સ્થગિત કરવો પડ્યો અને એ પણ કાળજી લેવાની હતી કે મોટર ચાર પૈડા પર ઉભી થઈ જાય, નહીંતો ઈંધણની ટાંકી ભરેલી હતી તેથી મોટરમાં ધડાકો થઈ જાત. ભેંસ! ભેંસ! મોટર કેવી રીતે સલામત ચલાવવી તે તેને આવડતું નથી". સ્હેજ સારૂ ન લાગવાથી (ઇજાને કારણે) પછી હું વરંડામાં જઈને બેઠો. સ્વામી બહાર આવ્યા ત્યારે તેમણે મારા તરફ જોયું અને તેમની ભ્રમરો સ્હેજ ઉંચી કરી. જેનો અર્થ થતો હતો 'હવે તને કેમ છે?'. મેં ધીમેથી મારા ગળાનું હાડકું બતાવ્યું, જે થોડું સુજી ગયું હતું. બીજા દિવસે સ્વામી વૃંદાવન જતા હતાં, તેમણે મને કહ્યું, "તું પણ મારી સાથે વૃંદાવન આવે છે".

હું વૃંદાવન ગયો. ત્યાં ૪૫૦ જેટલા જાપનીઝ ભક્તો હતાં, તે બધાને એક મોટા ઓરડામાં સમાવવામાં આવ્યા હતાં. બીજા દિવસે સવારના દર્શન પછી સ્વામી તેઓનું દિવ્ય પ્રવચન આપવા આવ્યા. તેઓ ઇચ્છતા હતાં કે હું કાંઈક બોલું. સામાન્ય રીતે હું મારી વાતોની શરૂઆતમાં ભાગવતમાંથી એક ફકરો રજૂ કરતો. જેમાં ભગવાનની સ્તુતિ તેમજ ભગવાનની ભવ્યતાના ગુણગાન ગાવામાં આવતા. જેવી મેં પ્રાર્થના સાથે શરૂઆત કરી, સ્વામીએ કહ્યું, "આ બધું ભૂલી, માત્ર તારા મોટર અકસ્માત વિશે વાત કર". તેથી મેં એ અકસ્માતનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું અને સ્વામીને કહ્યું, 'સ્વામી, તમે મારી અને મારી પત્ની અને મારા મિત્રની જીંદગી બચાવી. નહીંતો અમે અચૂક મૃત્યુને ભેટતા". સ્વામીએ તરત જ કહ્યું, "ના..ના..ના મેં તમારૂ જીવન બચાવ્યું નથી". મેં સ્વામીને કહ્યું, "એવું કેવી રીતે બની શકે?, કોણ માનશે. જ્યારે તમે કહો છો કે તમે અમારૂ જીવન નથી બચાવ્યું!". પછી સ્વામીએ કહ્યું, "તું વિચારે છે કે હું અસત્ય બોલું છું?. મેં તને નથી બચાવ્યો, હું તને સત્ય કહું છું". પછી મેં સ્વામીને વિનંતી કરી કે, "તો પછી બીજી કઈ રીતે હું બચી ગયો તે જણાવો".

પછી તેમણે કહ્યું, "ઘણા વર્ષોથી તું પુટ્ટપર્તી આવે છે અને સેવા કરે છે. માત્ર પુટ્ટપર્તીમાંજ નહીં પણ તું જ્યાં હોય ત્યાં પણ સેવા કરે છે. જ્યારે લોકો તારો, તારી સેવા બદલ આભાર વ્યક્ત કરે છે ત્યારે તું યશભાગી થયા સિવાય તેઓને

જણાવે છે કે આભાર મારો નહીં પરંતુ ભગવાનનો માનો. આમ આભારનો યશ મારી પાસે છેલ્લે આવે છે. તારી પાસે નહીં. કારણ તું હંમેશા, તેઓને ભગવાનનો આભાર માનવા જણાવે છે. આમ પરોક્ષ રીતે તેઓ મારો આભાર માને છે. અને આથી તારા સારા કાર્યોના પરિણામો હું એકઠા કરતો રહું છું, મારી પાસે. અને એ જ રીતે તારૂ ભંડોળ જે સારા કાર્યોનું પરિણામ હોય છે તે વધતું જ રહે છે. કારણ તું, એ લોકોને મારો આભાર માનવા જણાવે છે. એનો અર્થ એ થયો કે તેં આધ્યાત્મિક પેઢીમાં તારુ ખાતુ ખોલાવ્યું છે જ્યાં સ્થાવર સંપત્તિ નથી પણ તારા સારા કાર્યોના પરિણામો છે. તેમની વૃદ્ધિ છે. મેં તને બચાવ્યો નથી પણ તારા સદ્‌કર્મોએ તને બચાવ્યો છે. દા.ત. તે દિવસનો તારો અકસ્માત અને જો પાંચ લાખ રૂપિયા જેટલો તેનો ખર્ચ આવ્યો હોય અને તારા ખાતામાં એક કરોડ રૂપિયા જેટલા જમા પડ્યા હોય તો તે ખર્ચ તું આસાનીથી ચૂકવી શકે છે અને બચી શકે છે. હું તો માત્ર તારા સારા કાર્યોના પરિણામોનો ખજાનચી છું. મેં તને નથી બચાવ્યો પણ તારા સારા કર્મોના પરિણામોએ તને બચાવ્યો છે. સેવાનો આ જ માત્ર હેતુ છે. જે હું શરૂઆતથી તને જણાવી રહ્યો છું. દરેક વ્યક્તિએ સેવા, પ્રેમ સાથે, માનવતાસભર અને અહં સિવાય કરવી જોઈએ. એ તમામ અંતે મારી પાસે જ આવશે. શ્રી સત્ય સાઈ સેવા સંગઠનનો એક માત્ર હેતુ સેવામાં જ સમાયેલો છે. સેવા અને સર્વીસમાં મૂળ તફાવત જ એ છે કે, સર્વીસમાં તમે બદલામાં કાંઈક માંગો છો, આર્થિક બદલો માંગો છો, કાર્ય કર્યા પછી. જ્યારે સેવામાં તમે માત્રને માત્ર આપો છો અને બદલામાં કશું જ માંગતા નથી કે અપેક્ષા રાખતા નથી. આના પરથી તમે સમજી શકો છો કે, સેવા તમારા પોતાના ભાવીને કેવી રીતે બદલી શકે છે. માત્ર અને માત્ર સારા કાર્યો જ કરો અને સેવાકીય કાર્યો કરો. જેનું પરિણામ ઈશ્વરને સમર્પિત કરો".

સ્વામીએ મને એ પણ કહ્યું, "જો તું મારી પાસે, મારી સાથે આવ્યો ન હોત તો તેં સારુ કાર્ય ન કર્યું હોત. જો તેં સારુ કાર્ય ન કર્યું હોત તો અકસ્માતના દિવસે જ તારુ મૃત્યુ થયું હોત. સારા કાર્યોના પરિણામે જ મૃત્યુ તને માર્યા સિવાય પાછું ચાલી ગયું. કારણ સારા સેવાકીય કાર્યો. આ વાત હંમેશા, તારા મગજમાં નોંધ કરી રાખજે".

આ વાત સ્વામીએ જાપાનીઝ ભક્તોની સામે તેમની હાજરીમાં મને કરી હતી.

- લેખક, શ્રી સત્ય સાઈ સેવા સંગઠન, તામીલનાડુના રાજ્ય પ્રમુખ હતા.

**પોતાના બચાવ માટે વ્યક્તિને સમાજની જરૂર છે. તમારી સેવા તમારા માટે અને તમે જેની સેવા કરો છો તે સમાજ માટે છુપા લાભો આણશે. એ અદશ્ય અને શક્તિશાળી એવી પ્રભુની કૃપા લાવશે. સેવા એ નવધા ભક્તિ માટે મહત્વની છે. તમે તમારા જેવા જ બીજાઓને જોઇ શકો છો, અનુભવી શકો છો, સમજી શકો છો. અને સહાનુભૂતિ દર્શાવી શકો છોતેથી તેમની સેવા માટે તમે વધારે અનુરૂપ છો. જો તમે પ્રત્યક્ષ એવા માણસોનાં દુઃખ, દર્દ વ્યાધિ અને દુર્દશા જોઇને વિચલિત ન થતા હો તો ન જોઇ શકાતાં અપ્રત્યક્ષ, સમજી ન શકાય તેવા અગમ્ય અને વિસ્મયકારી ભગવાન પરત્વે શ્રધ્ધાં અને નિષ્ઠા કઇ રીતે જન્માવી શકો ? ભગવાન સૌના હૃદયમાં વસેલો છે માટે બધાંની સેવા કરો. તે સેવા તેમાં રહેલા ભગવાનને પહોંચે છે. તે પ્રભુની કૃપા લાવે છે. (શ્રી સત્ય સાઇ સ્પીક્સ - વોલ્યુમ - ૯, પાન નં. ૧૪૪)**

# મારા સ્વામી - મારા સતત (નિત્ય) સાથી

સુજાતા રવિન્દ્રન મેનન

મારા જીવનમાં ઝબુકેલી એક ઘટના વર્ણવવા માંગુ છું. આ ઘટના એ સાબિત કરે છે કે સાચી અને નિષ્ઠાવાન પ્રાર્થનાઓનો પ્રેમાળ સ્વામી હંમેશા જવાબ આપે છે. મારું કુટુંબ, છેલ્લી ત્રણ પેઢીથી સ્વામીના ભક્તિભાવમાં લીન છે. મારા માતૃશ્રી મુંબઈ શહેરના પ્રથમ બાલ વિકાસ ગુરુઓમાંના એક છે.

સને ૧૯૭૮ દરમ્યાન, ઉનાળુ કોર્સ-ઇન્ડિયન કલ્ચર અને સ્પિરિચ્યુઆલિટી (ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મ) ઉપરની ગ્રીષ્મ શિબિર માટે મારી પસંદગી થઈ હતી. આ કોર્સનું આયોજન બેંગ્લોર (બેંગાલુરુ)ના વૃંદાવન ખાતે કરવામાં આવ્યું હતું. આ ઘટનાએ મને એટલી પ્રભાવિત કરી કે મેં નક્કી કરી લીધું કે હવે પછીનો મારો ડિગ્રીનો અભ્યાસક્રમ, સ્વામીની અનંતપુર કૉલેજમાં જ કરવો. મારા મુંબઈ આવ્યા પછી મેં, મુંબઈની કૉલેજમાંથી ટ્રાન્સફર સર્ટીફીકેટ મેળવી લીધું અને હું મારા માતા-પિતા જોડે અનંતપુર ખાતે એડમિશન લેવા માટે આવી ગઈ. મને સ્વામીમાં વિશ્વાસ હતો કે તેઓ મારી પ્રાર્થનાઓ સાંભળશે અને એમની સંસ્થામાં મને પ્રવેશ અપાવશે.

**<u>મારી અનિશ્ચિતતાને પ્રેમ કરો.</u>**

અમે અત્યંત દુ:ખી થયા જ્યારે પ્રિન્સિપાલ મેડમે, અમને સીધે સીધું કહી દીધું કે તમે પાછા જાઓ. કારણ કે બધાં જ એડમિશન પૂરા થઈ ગયાં છે. હું અત્યંત આઘાતમાં હતી. કારણકે મેં તો મુંબઈ યુનિવર્સિટીમાંથી અગાઉથી ટ્રાન્સફર સર્ટિફિકેટ પણ લઈ લીધું હતું. અત્યંત અવઢવમાં હું મારા માતા-પિતા જોડે, પુટ્ટપર્તિ સ્વામીના દર્શન માટે ગઈ. દર્શન માટેની લાઈનમાંથી મારી માતાએ સ્વામીને માહિતી આપી કે મને એડમિશન નથી મળ્યું. સ્વામીએ તમીલમાં જવાબ આપ્યો, “ત્યાં જાઓ અને અમ્માને મળો". મારી માતાએ સ્વામીને આજીજી કરતાં કહ્યું કે, “અમે તો આ અગાઉ જ કૉલેજ જઈ આવ્યા છીએ અને મને કૉલેજમાંથી ના પાડવામાં આવી છે". ભગવાને જવાબ આપ્યો, “સંતોષમ્.....અમ્મા .....સંતોષમ્ (ખુશ રહો.... માતા.....ખુશ રહો)". મારી માતા અત્યંત દુ:ખી હતી અને હું અત્યંત ગમગીન ! આ એક સાચે જ શ્રદ્ધાની કસોટી હતી અને મારું વાનર મગજ આમ-તેમ ભટકવા લાગ્યું.

દરમ્યાન, દર્શન પછી અમે જોયું કે પ્રિન્સિપાલ, જયઅમ્મા મેડમ અને પુષ્પા મેડમ સ્વામીના ઇન્ટરવ્યુ રૂમમાં જઈ રહ્યાં હતાં. અચાનક ધોધમાર વરસાદ પડવા લાગ્યો અને અમે બધાં આમ-તેમ દોડવા લાગ્યાં. હું અને મારી માતાએ મંદિર પરિસરની બાજુમાં આવેલા એક મોટા ઝાડ નીચે આશરો લીધો. પ્રિન્સિપાલ મેડમે પણ તે જ ઝાડ નીચે આશરો લીધો. અમને જોઈને, તેમણે અમને જાણ કરી કે, ભગવાને પોતે જ એડમિશન માટે તમારી પસંદગી કરી લીધી છે. અમને બીજા દિવસે કૉલેજમાં આવી જવા માટે કહ્યું. આ સાંભળી હું સાચે જ સ્વર્ગસમા આનંદ સાથે નાચી ઊઠી.

બીજા દિવસે અમે અનંતપુર ગયા. ત્યાં પ્રિન્સિપાલ અને ફેકલ્ટીના અન્ય સભ્યો દ્વારા અમારું ઉમળકાભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

એટલું જ નહીં પ્રિન્સિપાલે હોસ્ટેલ રૂમની પસંદગી પણ મારા વિવેક ઉપર છોડી (મને યોગ્ય લાગે તે પસંદ કરવા સ્વતંત્રતા આપી) ! ભગવાનની કૃપાથી, ભગવાનના પવિત્રધામ એવી અનંતપુર કૉલેજમાં દાખલ થઈ અને તે પણ કોઇ પણ જાતની લેખિત કે મૌખિક પરીક્ષા વિના ! આ મારા જીવન પરિવર્તનનો અનુભવ હતો. તે એ સાબિત કરે છે કે જો તમે સ્વામીમાં સંપૂર્ણ વિશ્વાસ મૂકો તો તેઓ દરેક રીતે તમારું રક્ષણ કરશે અને તમને માર્ગદર્શન આપશે. પછી હું સ્વામીના એ શબ્દોનો આંતરિક અર્થ સમજી "મારી અનિશ્ચિતતાને પ્રેમ કરો !"

**<u>કટોકટીમાં તારણહાર.</u>**

સ્વામીએ વારંવાર અમને યાદ કરાવ્યું છે કે તેઓ હંમેશા અમારી સાથે છે, અમારી અંદર છે, અમારી આસપાસ છે, અમારી ઉપર છે, અમારી નીચે છે અને અમારું રક્ષણ કરી રહ્યા છે, જેવી રીતે આંખની પાપણ આંખનું રક્ષણ કરે છે. આ સંદર્ભમાં મારે એક વિસ્મયજનક ઘટના વર્ણવવી છે. જે ઘટના પ્રિય સાઈના પગલાંમાં પ્રદર્શિત થાય છે. જે દર્શાવે છે કે સાઈ કેવા કરુણામય છે. તેઓ તેમના ભક્તોને ખાતરી આપે છે કે 'તે' સાચે જ "આપદબાંધવ" છે કે 'જે' કટોકટીના સમયે તમને સાચી મદદ કરે જ છે.

આ ઘટના વર્ષ ૧૯૮૦ માં બની. ત્યારે હું સ્વામીની અનંતપુર કૉલેજમાં બેચલર ઓફ કોમર્સનો અભ્યાસ કરી રહી હતી. હું એક સેમિસ્ટર (સત્ર)માં બિમાર પડી. વોર્ડનની સુચના અનુસાર મેં નક્કી કર્યું કે જરૂરી સારવાર લેવા માટે મારે વતન (મુંબઈ) જવું. વેકેશનનો સમયગાળો હતો. રેલવેનું કોઈ રિઝર્વેશન મળે એમ નહોતું. એક વિદ્યાર્થીની ગુંટકલ જઈ રહી હતી. તેણે મને કહ્યું કે ગુંટકલ સ્ટેશને એમના પિતાજી મારી ટિકિટ લેવામાં મને મદદરૂપ થશે. ગુંટકલ સ્ટેશને પહોંચીને તે વિદ્યાર્થીની મારી ટીકીટ લેવાની વાત ભૂલી ગઈ અને તેના માતા-પિતા સાથે જતી રહી ! રાત્રે આઠ વાગ્યે ગુંટકલ સ્ટેશને હું એકલી જ રહી ગઈ હતી. મારી પાસે ટિકીટ નહોતી, ઉપરાંત ભારે સામાન સાથે મારે મારી જાતનો પણ સામનો કરવાનો હતો. હું ખૂબ બિમાર હતી. હું શારીરિક અને માનસિક રીતે થાકી ગઈ હતી. મુંબઈ જતી ગાડી ગુંટકલ સ્ટેશને ક્યારની આવી ગઈ હતી.

મેં, પ્રિય ભગવાન સાઈને વારંવાર પ્રાર્થના કરી, અને જુઓ, ક્યાંકથી એક વૃદ્ધ મુસ્લિમ બિરાદર મારી સામે આવ્યા. ખૂબ જ આત્મવિશ્વાસથી એમણે મારો સામાન ઊંચકી લીધો અને તેમણે મને કહ્યું કે હું તેમની પાછળ જાઉં. કોઈ પણ રીતે, મને કંઈ શંકા પણ ન ગઈ કે મેં કોઈ ભેદભાવ પણ અનુભવ્યો નહીં. તેમણે મારો સામાન રીઝર્વ ડબ્બામાં મૂક્યો, એમના ખિસ્સામાંથી એક ટિકિટ કાઢી અને તે મને આપી. ટિકિટના પૈસા વિશે પૂછપરછ કરતાં તેમણે મને કહ્યું કે તે પૈસા લેશે. આટલું બોલીને તે ડબ્બાની બહાર ઉતરી ગયો કારણ કે ટ્રેન ઉપડવાની તૈયારીમાં હતી. પછી તે બારીની નજીક આવ્યો અને મને ત્રણ વાર કહ્યું, "યાદ રાખો મારું નામ કાધાર છે." તેમની આંખો અસાધારણ અને તેજસ્વી હતી ! હું જરા બહાર જોઈ રહી હતી કે "કાધાર" (અરેબિકમાં સર્વશક્તિમાન અર્થ થાય છે) તરત જ હવામાં અદૃશ્ય થઈ ગયા...!! તે ક્ષણે હું સાચે જ મુંઝવણમાં મુકાઈ ગઈ...... પછીથી મને સમજાયુ કે એ આપણાં પ્રિય સ્વામી જ હતા કે જેમણે મને અનિશ્ચિત પરિસ્થિતિમાંથી

બચાવવા એક સામાન્ય રેલવે કુલીનો વેશ ભજવ્યો હતો. પછી ટિકિટ ચેકર આવ્યો. તેમણે મારી ટિકિટ તપાસી અને મારા નીચેના બર્થની ખાતરી કરી.....! આ ચમત્કાર દર્શાવે છે કે ભગવાન શ્રી સત્ય સાઈ બાબા તેમના ભક્તોને સંકટમાંથી ઉગારવા કોઈ પણ હદ સુધી જઈ શકે છે. શ્રદ્ધા થકી, અદૃશ્ય પણ દૃશ્યમાન થાય છે, સામાન્ય રીતે માની ન શકાય તેવી બાબતને પણ માનતા થઈ જવાય છે અને અસંભવ પણ સંભવ થતું અનુભવી શકાય છે. આવી ઘટનાઓ, સ્વામી પ્રત્યેના આપણા અચળ વિશ્વાસને મજબૂત કરે છે અને આપણને એ સમજાવવામાં મદદરૂપ થાય છે કે 'તેઓ' સર્વવ્યાપી, સર્વજ્ઞાતા અને સર્વ શક્તિમાન છે.

-લેખક, સત્યસાઈ મહિલા કોલેજ,
અનંતપુરના ભૂતપૂર્વ વિદ્યાર્થીની છે.

## દિવ્યતાના પ્રતીકો

# ત્રયી વૃંદાવનની વાર્તા

બીશુ પૃષ્ટિ

બેંગાલુરુમાં ભગવાનના નિવાસ સ્થાન "ત્રયી વૃંદાવન" વિશે એક સુંદર રહસ્ય છે. આ સ્થાપત્ય વિશેની દરેક વસ્તુઓ ૯ (નવ) ના ગુણાંકમાં છે. આ સ્થાપત્યના પ્રથમ માળ ઉપર ૯ ઓરડાઓ છે. આ ઈમારતનો અંદરનો કર્ણક ૧૮ ફૂટનો છે. શિખર ઉપર ૧૮ કમળ છે. અને આ પવિત્ર ઈમારતનો બહારનો વ્યાસ પણ ૫૪ ફૂટનો છે.

ભગવાને, આ પવિત્ર ઘરની ૨૬ એપ્રિલ ૧૯૮૪ ના રોજ માનવ જાતને ભેટ આપી હતી. આ પહેલા આ જ સ્થળે બ્રિટીશ યુગની એક ઇમારત હતી અને તેને સામાન્ય રીતે 'ઓલ્ડ બંગલો' તરીકે ઓળખવામાં આવતી હતી. ૧૯૬૪ ની શરૂઆતથી સ્વામીએ અહીં રહેવાનું શરૂ કર્યું હતું.

ત્યારથી ભગવાનના પ્રખર ભક્ત નવાનગરના રાજમાતા તેમની સાથે નવી હવેલી બનાવવાની પરવાનગી માટે વિનંતી કરી રહ્યાં હતાં. તેમની આ અવિરત પ્રાર્થના ૬૦, ૭૦ અને ૮૦ ના પ્રારંભિક દાયકા સુધી ચાલુ રહી. છેવટે ૧૯૮૩ માં ભગવાને તેમની વિનંતી સ્વીકારી અને 'ઓલ્ડ બંગલા' ને નીચે ઉતારી પાડવાની જવાબદારી એન્જીનીયર શ્રી વિમલનાથનને સોંપી.

તેઓ ભગવાનની સેવા કરવાની ઉત્સુકતાથી, પોતાનું જીવન ભગવાનને સમર્પિત કરવાની ઈચ્છાથી ૨૬ વર્ષની ઉંમરે એક પ્રતિષ્ઠિત કંપનીની નોકરી છોડી દેવા તૈયાર હતાં. જો કે સ્વામીએ તેમને આવું કરવાની મંજૂરી આપી નહીં. સ્વામીને ૧૦ વર્ષ સુધી અવિરત પ્રાર્થના કરી. ત્યારે તેનો જવાબ ૧૯૮૦ માં મળ્યો જ્યારે ભગવાને તેમને નોકરી છોડવાની મંજૂરી આપી. પરંતુ હજુ સુધી સ્વામીએ તેમને કોઈ સેવા આપી ન હોતી. ૩ વર્ષ સુધી તેઓ સેવા કરવાની તક મળે તે માટે આશ્રમમાં રોકાયા. તેમની પ્રતિક્ષાની સુખદ ક્ષણ ત્યારે આવી જ્યારે સ્વામીએ ૧૯૮૩ ના ઉનાળામાં 'ઓલ્ડ બંગલો'ને તોડી પાડવાની જવાબદારી તેમને સોંપી.

શ્રી વિમલનાથન પવિત્ર ઇમારતના એક એક

ઇંચ પ્રત્યે આદરપૂર્વક તેમના કાર્ય વિશે આગળ વધ્યા. ઘરની દિવાલો પર કોઈના પણ પગ રાખ્યા વગર માળખાની એક એક ઈંટ સાથે ઉતારવામાં આવ્યું. દરેક ઈંટ એક એકમ તરીકે બહાર આવી અને ખૂબ સરસ રીતે તેને ગોઠવવામાં આવી. ઇમારત ઉતારવાનું કામ ચાલુ હતું ત્યારે શ્રી વિમલનાથન પુટ્ટપર્તીમાં રહેલા ભગવાનને કામનો સચિત્ર અહેવાલ મોકલતા હતા. સ્વામી આ સચિત્ર રજૂઆત જોવા માટે એટલા ઉત્સુક હતાં કે એક વખત શ્રી વિમલનાથનના પત્ની આ અહેવાલ લઈને પુટ્ટપર્તી પહોંચ્યા તો તે પહેલા જ આશ્રમના સચિવશ્રી કુટુંબ રાવ તેમને લેવા અને અહેવાલ પ્રાપ્ત કરવાની રાહ જોતા હતાં. જો કે શ્રી વિમલનાથને કોઈને પણ તેમની મુલાકાતની માહિતી ન હોતી આપી. શ્રી વિમલનાથન માટે આ અહેવાલ તૈયાર કરવાનું કામ સહેલું ન હોતું. કારણ કે તે દિવસોમાં તેમને ફોટોગ્રાફી કરવા માટે બેંગાલુરૂ સુધી ૩૬ માઈલનો પ્રવાસ કરવો પડતો હતો. પરંતુ તે ભગવાન માટે શ્રેષ્ઠ કરવા માંગતા હતાં. અને સ્વામીએ ખરેખર તેમની નિષ્ઠાનું સુંદર વળતર આપ્યું. એક વાર મેદાન સપાટ થઈ ગયું પછી નવા ઘરના નિર્માણમાં પણ શ્રી વિમલનાથનનો સમાવેશ કર્યો. તેમણે અન્ય વરિષ્ઠ ઈજનેરો સાથે કામ કર્યું.

શ્રી વિમલનાથન કેટલાંક પ્રસંગો યાદ કરે છે અને તેનું વર્ણન કરે છે, "આ સમયગાળા દરમ્યાન હું ઘણું બધું શીખ્યો". એક દિવસ સાંજે સ્વામી અચાનક કાર્ય સ્થળે આવ્યા અને આજુ બાજું બધે નિરીક્ષણ કર્યું. જતાં પહેલાં તેમણે મને હળવેથી કહ્યું, "કંઈ પણ વેડફશો નહીં, મિશ્રણનો ઉપયોગ કરજો, તે આવતી કાલ સુધી બગડી જશે". હું સ્વામી શું કહેવા માંગે છે તે સમજી શક્યો નહીં. પાછળથી જ્યારે મેં મુખ્ય કડિયા સાથે વાત કરી ત્યારે તેણે કબુલ્યું કે તેણે તે દિવસ કામ જલદી બંધ કરવા માટે નક્કર મિશ્રણ છુપાવી દીધું હતું. તે દિવસે તેનો ઉપયોગ ના થયો હોત તો બીજા દિવસે તેનો ઉપયોગ થઈ શકત નહીં. તો એટલું નુકશાન થાત. સ્વામી હંમેશા ભારપૂર્વક કહેતા હતાં કે આપણે ભક્તોના પૈસા વેડફવા ના જોઈએ.

ભગવાનનું દરેક નાની નાની વાત પર ધ્યાન આપવું, અમારા માટે આંખ ખોલવા જેવું હતું. દાખલા તરીકે જ્યારે અમે ત્રયી વૃંદાવનની પાયાની દિવાલને કલર કરી રહ્યાં હતાં ત્યારે સ્વામીએ સૂચવ્યું કે આપણે જમીનની અંદર ૬થી ૯ ઈંચનું ખોદકામ કરવું જોઈએ અને પછી તે સપાટીને કલર કરવો જોઈએ. કારણ કે ચોમાસામાં ઘણી વાર માટીનું ધોવાણ થઈ જાય તો પછી પાયાની દિવાલ ખરાબ દેખાશે.

ભલે સ્વામી દરેક બાબતે તેમની શારીરિક હાજરીથી માર્ગદર્શન આપતા, પણ તેમના અદૃશ્ય હાથ વડે પણ દરેક મોરચે આપણને સુરક્ષિત કરી રહ્યાં હતાં. જ્યારે અમે બીજે માળે ઓરડાઓ બનાવી રહ્યાં હતાં ત્યારે કમનસીબે ૧૨ ફૂટની ઉંચાઈએથી એક યુવાન કામદાર પાલખ પરથી નીચે પડી ગયો. જેવો તે જમીન પર પટકાયો કે તરત જ બેભાન થઈ ગયો. અમને બધાને કાંઈક ખરાબ થવાનો ડર હતો. તેમ છતાં તરત જ અમે તેને કોઈ પણ રીતે કારમાં મૂકીને શ્રી સત્ય સાઈ જનરલ હોસ્પિટલ લઈ ગયા. બે-ત્રણ કલાક પછી તે હોસ્પિટલમાંથી પાછો ચાલ્યો જાણે તેની સાથે કશું જ થયું ન હોય. બીજે દિવસે સવારે સ્વામીએ અમને 'વિભૂતિ અને

પ્રસાદ' સાથે એક સંદેશ મોકલ્યો, ''તેમને સાવચેત રહેવાનું કહો''. આવા તો ઘણા ઉદાહરણ છે.

એક વાર અમે બહારનું કામ પૂરું કરી અંદરના ભાગમાં કામ કરવા લાગ્યા. હવે ભગવાન તરફથી ઘણા ઓછા સંદેશ મળતાં હતાં. પ્રથમ તો અમે એ જાણવા માંગતા હતાં કે બીજા માળે ભગવાનનો બેડરૂમ કયો હશે. તેથી અમે એક 2D મોડલ બનાવ્યું. જેમાં બીજા માળના વિવિધ ભાગોને ખસેડી શકાય. અમે ઈચ્છતા હતાં કે ભગવાન અમને કહે કે, તેઓ પોતાનો ઓરડો ક્યાં રાખવા માંગે છે. પરંતુ સ્વામી એટલા ઉત્સાહિત હતાં કે તે મોડલ કઈ રીતે કામ કરે છે તેઓ તેની સાથે એક ખુશખુશાલ બાળકની જેમ રમત રમતા હતાં. છતાં અમને એ જાણવા મળ્યું નહીં કે જે અમે જાણવા માંગતા હતાં.

છેવટે રાજમાતાએ અંદર પ્રવેશ કર્યો. તેમણે સ્વામીના વૉશરૂમ અને બેડરૂમના ફીટીંગ માટે સોનાના ઢાળવાળા નોઝલ્સ, નળ, ફુવારા, બાથટબ વિગેરે મંગાવ્યા. સ્વામીએ આ બધી વસ્તુઓ નકારી કાઢી. શા માટે બાથ ટબ? તમે ત્યાં શું મૂકશો? શા માટે સોનાના ઢાળવાળા નળ? શું સોનાના નળમાં અલગ પાણી આવશે? રાજમાતાની મોટાભાગની માંગણી સ્વામીએ નકારી. સ્વામીએ એક વ્યવસ્થિત વૉશ બેસિન તથા ક્રોમિયમના નળો જ લગાવડાવ્યા.

પરંતુ રાજમાતાએ પણ હાર માની નહીં. તેઓ ભગવાનના માટે રાજાના જેવો મોટા કદનો પલંગ મૂકવા માંગતા હતાં. ફરીથી સ્વામીએ તેમને રોકીને કહ્યું, "તમે મારૂ કદ જોયું છે ને? મારે આટલા મોટા પલંગની શી જરૂર છે?" તેમને એરકંડીશન પણ નહોતું જોઈતું. અમારે તેમના માટે એક સીધુ સાદુ ટેબલ અને એક પંખા સાથે જ સમાધાન કરવું પડ્યું. સાચે જ અમે જોયું કે જ્યારે સ્વામી કહે છે, "મારૂ જીવન એ જ મારો સંદેશ" તે એમના આચરણમાં પણ જોયું. આ બાબતે અમારી આખંમાં આંસુ લાવી દીધા. આપણે જીવન કઈ રીતે જીવવું જોઈએ તે શીખવ્યું.

જ્યારે ઉદઘાટનનો સમય આવ્યો ત્યારે ભગવાને વિવિધ નામો જેવા કે 'સત્યમ', 'શિવમ', 'સુંદરમ' ધ્યાનમાં લીધા. પરંતુ મુંબઈમાં સ્વામીના નિવાસ સ્થાનનું નામ 'સત્ય દીપ' છે. હૈદરાબાદમાં તેમનું ઘર 'શિવમ' છે અને ચેન્નાઈમાં તેમનું મંદિર 'સુંદરમ' છે. અંતે ભગવાને ઘોષણા કરી કે આ નવા મંદિરનું નામ 'ત્રયી' કહેવાશે.

'ત્રયી' ખરેખર 'સત્યમ', 'શિવમ', 'સુંદરમ' નો સંગમ છે. કારણ કે આ મકાનને સત્યમની કમળની પાંખ છે. દરરોજ અહીં ત્રયીશ્વર લિંગની 'શિવમ' ની જેમ પૂજા થાય છે અને 'સુંદરમ' ની જેમ તે ફક્ત આકર્ષક જ લાગતું નથી પણ નિઃસ્વાર્થપણું પણ અને બલિદાનના ધબકારા સમાન છે.

'ત્રયી' નો અર્થ 'વેદ' પણ થાય છે. ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ, લલિતા સહસ્ત્રનામમાં વર્ણવ્યા અનુસાર એક દિવ્ય 'માતા' નું નામ પણ થાય છે. તેથી જ આ એક એવી વ્યક્તિનું નિવાસ સ્થાન છે જે બધા જ જ્ઞાન, બધી જ ચતુરાઈ, બધી જ શક્તિઓ અને તમામ કીર્તિઓનું મૂળ છે.

ભગવાને જ્યારે રિબીન કાપીને આ 'ત્રયી વૃંદાવન' ઘર અને તેના શિલાલેખનું ઉદઘાટન કર્યું ત્યારે પત્રકારોના એક જૂથે તેમને પ્રસંગને અનુરૂપ કોઈ સંદેશ આપવા વિનંતી કરી. ત્યારે સ્વામીએ મધુર હાસ્ય કર્યું અને કહ્યું, "તમારો

આનંદ મારો આનંદ". તેમણે કહ્યું કે કેવી રીતે આ ઇમારત ઘણાં બધા સમર્પિત ભક્તોના પ્રેમ અને ભક્તિના શ્રમનું પરિણામ છે, જેણે ભગવાન રામની વાનર સેનાની જેમ શાંતિથી અને ખંતથી કામ કર્યું.

તે દિવસે હજારો લોકોને ભોજન આપવામાં આવ્યું તથા વૃદ્ધ અને શારીરિક રીતે અપંગ લોકોને વસ્ત્રો આપવામાં આવ્યા. ૨૬ મી એપ્રિલ ૧૯૮૪ ની સંધ્યાને, આત્માને રોમાંચિત કરે તેવા ભક્તિસંગીતથી યાદગાર બનાવવામાં આવી. ભગવાનનું આ કમળ-ઘર ખિલવાની સાથે જ સેંકડોના હૃદયમાં પણી ખીલી ઉઠ્યું.

જેમ કે 'ત્રયી વૃંદાવન' આ મહિને તેની વર્ષગાંઠ ઉજવી રહ્યું છે ત્યારે તે આધ્યાત્મિક સાધકોના જીવનને જોડવાનું, પરિવર્તન કરવાનું અને તેમના આત્માનું ઉર્ધ્વીકરણ કરવાનું કામ કરી રહ્યું છે.

'ત્રયી વૃંદાવન' પર આધારિત 'પ્રશાંતિ ક્રોનિકલ' વીડીઓ જોવા માટે યુટ્યુબની સત્તાવાર ચેનલ 'શ્રી સત્યસાઈ ઓફિસીયલ' ની મુલાકાત લો - https://www.youtube.com/watch?v=zHnKgA9xXIQ

## ભાગવત વાહિની પ્રકરણ-૩

# બાળક પરીક્ષિતનું ભવિષ્યકથન

અરેરે! શું અંતે તેને આટલા દુર્ભાગ્યપૂર્ણ રીતે બધુ ભોગવવું પડશે. શું, તેના ખાતામાં આટલા બધા સારા કર્મો કરેલા હોવા છતાં, તેનું આવું પરિણામ આવશે? વર્ષો સુધી સારી રીતે જીવેલા જીવનનો આવો ભયાનક રીતે અંત આવી શકે ખરો? એવું કહેવાય છે કે, જેનું મૃત્યુ ડુબી જવાથી, કે ઝાડ પરથી પડી જવાથી કે સર્પદંશથી થાય છે તે તો અશુભ અને અપમૃત્યુ ગણાય છે. તેમના મૃત્યુ પછીનો સમયગાળો બહુ જ ખરાબ હોય છે. એવું પણ કહેવાય છે, આ રીતે મૃત્યુ પામેલાઓને ભૂતયોનિ પ્રાપ્ત થાય છે અને ભોગવવું પડે છે. આ બાબતનો અંત આ રીતે શા માટે થવો ઘટે!? ઓહો! આ તો બહુ ભયાવહ છે અને સાચે જ અન્યાય છે એમ કહેતા કહેતા યુધિષ્ઠિર, તેમના દુઃખને હોઠોને કચડીને દબાવતા ગયા.

બ્રાહ્મણોએ તેમને ધીરજ ધરવા કહ્યું. "મહારાજા", તેઓ બોલ્યા, "આ રીતે દુઃખી થવાની જરૂર નથી. આવો મહાપુરૂષ, ક્યારેય આટલી ખરાબ રીતે દુઃખી થઈને અંત નહીં પામે. ના ! ના ! બાળકની કુંડળી જોતાં અને ગ્રહોની સ્થિતિ જોતા, અમને બે એવા સારા સુભગ સંયોગો દૃશ્યમાન થાય છે,-એક છે વજ્ર યોગ અને બીજો છે ભક્તિ યોગ, બન્ને ખૂબ જ પ્રબળ અને કલ્યાણકારક છે. આમ, તેને જ્યારે શાપ મળશે, તે જ ક્ષણે તે રાજ્ય, પત્નિ અને બાળકોનો ત્યાગ કરીને, ભાગીરથીને કિનારે આવી, ભગવાનનું શરણ લેશે. ત્યાં, વ્યાસના પુત્ર શુક ઋષિ આવશે અને ભગવાન શ્રી કૃષ્ણની રસગાથા અને મહિમાનું શ્રવણ કરાવી, તેને આત્મજ્ઞાન આપશે. આ રીતે, તેના અંતિમ દિવસોમાં તે ગંગા કિનારે રહીને, ઈશ્વરનું નામસ્મરણ કરતા કરતાં પોતાનો દેહ છોડશે. આવા મહાન માણસનો અંત, દુઃખદાયી અને મુશ્કેલીભર્યો હોઈ જ કેવી રીતે શકે? અરે ! તેનો પુનર્જન્મ પણ નહીં થાય, કારણ

તે તો પરમેશ્વરની સાથે-પુરૂષોત્તમની સાથે એક થઈ જશે. આવા શબ્દો સાંભળતા જ, યુધિષ્ઠિરનું દુ:ખ હળવું થયું અને તેઓ ખુશ થયા. તેઓ બોલ્યા, "આવું જ છે, તો તે કાંઈ શાપ નથી પણ એક અદભૂત વરદાન જ છે".

આમ, હવે બધા ઉભા થયા. બ્રાહ્મણોને તેમની ઉપાધિઓ અને યોગ્યતા પ્રમાણે સન્માનવામાં આવ્યા. તેમને રેશમી વસ્ત્રો અને રત્નો-આભૂષણોથી સત્કારીને, તેમને સ્વગૃહે જવા માટે વિદાય આપવામાં આવી. યુધિષ્ઠિર અને તેમના બાંધવો પોતપોતાના મહેલો તરફ જવા નીકળ્યા, પરંતુ દિવસભર બનેલી ઘટનાઓ અને ભયજનક પરિસ્થિતિ કેવી રીતે ટળી-એ અંગે કલાકો સુધી તેઓ વાતો કરતા રહ્યા અને જે રીતે ભવિષ્ય ભાખવામાં આવ્યું, તેનાથી તેઓ ખૂબ આનંદ પામ્યા.

શુક્લપક્ષના ચંદ્રની પેઠે, બાળક મોટુ થવા લાગ્યું. એક મહાનરાજ્ય શાસન-પાંડવવંશનો તે ઉતરાધિકારી તરીકે તેણે જન્મ લીધો હતો અને તે અનેક પ્રકારની મુશ્કેલીઓમાંથી બહાર આવેલ હોઈ, બધા જ, તે બાળકને ખૂબ પ્રેમ કરતા અને જેમ પાંપણ આંખનું રક્ષણ કરે, તે રીતે તેઓ બાળક જાણે કે તેમનો પ્રાણ હોય, તે રીતે રક્ષણ કરતા. હર કોઈ, આ બાળકને જોઈને ખૂબ જ આનંદિત થતા હતા, કારણ કે, એક તરફ, દ્રૌપદીએ પોતાના પાંચપૂત્રો (ઉપ-પાંડવો)ને ગુમાવ્યા, તેનું તેને દુ:ખ હતું, અભિમન્યુના મૃત્યુનો, આશ્વાસનથી પણ પર, એવો શોક સુભદ્રાને હતો, અને પાંડવ બંધુઓને, અશ્વત્થામાંને થયેલ ભયંકર દુ:ખમાંથી જન્મેલો ખોફનાક ક્રોધ, ઉત્તરાના ગર્ભમાં જ રહેલા અભિમન્યુના પુત્રને ખલાસ કરવા અને પાંડવવંશનો જ અંત લાવવાનો ભયાવહ ડર લાગતો હતો- તે બધામાંથી હવે બધા મુક્ત થયા હતા, અને આથી બધા જ, આ બાળક ઉપર ખૂબ સ્નેહ વરસાવવા લાગ્યા. તેઓ બધા હવે, તેને પ્રેમ કરતા-રમાડતા અને ખૂબ ધ્યાન રાખતા.

બાળક પણ ખૂબ બુદ્ધિશાળી હતો. તેને લાડ લડાવવા કે તેને જોવા જે કોઈ તેની નજીક આવે, તેની મુખાકૃતિને તે તાકી-તાકીને જોતો. તે ધ્યાનપૂર્વક દરેકને નિહાળતો. બધાને, તેની આવી હરકતોથી ખૂબ આશ્ચર્ય થતું. તેની તરફ આવનારની જાણે તે પરીક્ષા લેતો હોય તેમ તે એવી રીતે જોયા કરતો-જાણે કે તે કાંઈક શોધી રહ્યો હોય અથવા કોઈ વ્યક્તિને શોધવાનો પ્રયત્ન કરતો હોય!!

કોઈ કહેતું, "બિચારો દુ:ખી થઈને, તેના પિતા અભિમન્યુને શોધે છે". બીજા કહેતા, "ના, ના, બાળક તો ભગવાન કૃષ્ણને શોધી રહ્યો છે". અન્ય કેટલાક એમ કહેતા કે, "તે તો દિવ્યતત્વની શોધ કરવાનો પ્રયત્ન કરે છે". પરંતુ, વાસ્તવમાં તો તેના મનમાં જે કાંઈ હતું-તે સંજ્ઞાઓ-નિશાનીઓ હતી, તેને આધારે તે એવું ક્યાં/કોનામાં છે તે શોધતો રહેતો હતો.

શોધ કરવી એને 'પરીક્ષા' એવું કહેવાય છે કે જે આ બાળક કરતો જ હતો અને આથી, તેના નામ-કરણ સંસ્કાર થતા પહેલાં જ, બધા જ તેને-મહેલની બહાર હોય કે અંદર 'પરીક્ષિત' કહીને સંબોધવા લાગ્યા; "એ કે જે પરીક્ષા લેવામાં વ્યસ્ત છે".

અને બસ, પરીક્ષિત નામ જ પડી ગયું. રાજાથી લઈને સામાન્ય ખેડુત હોય કે વિદ્વાનથી લઈને અભણ હોય, કે રાજઘરાણાથી લઈને શેરીજન હોય, બધા જ તે (બાળક)ને પરીક્ષિત નામથી સંબોધવા લાગ્યા. બાળકની ખ્યાતિ દિવસે ને દિવસે વધવા લાગી. દરેકના મોઢે

એકજ નામ. એક દિવસે, યુધિષ્ઠિરે, તેમના રાજપુરોહિતને તેડાવ્યા અને રાજકુમારના નામકરણ વિધિ માટે શુભ દિવસ નક્કી કરવા કહ્યું.

રાજપુરોહિતે પોતાના સમૂહના બધા પંડિતો, જ્યોતિષીઓને બોલાવ્યા અને દૈવીતત્વોની સાથે યુતિ સાધીને, તે પ્રસંગ માટે યોગ્ય એવો શુભ દિવસ નક્કી કરી દીધો. તેમણે એ વિશેષ ઘડી પણ નક્કી કરી કે તે ઘડીએ જ નામકરણ થાય. આ પ્રસંગમાં પધારવા, તે પ્રદેશના રાજા-મહારાજાઓને વિદ્વાનોને, પંડિતોને અને અગ્રણી નાગરિકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું. સમ્રાટે, અધ્યાત્મિક ક્ષેત્રના આગેવાનો, મુખ્ય વિદ્વાનો અને ઋષિ મુનિઓને પણ આમંત્રણ પાઠવ્યું. અર્જુન, જાતે ભગવાન શ્રી કૃષ્ણ પાસે ગયો અને નમ્ર ભાવે પ્રાર્થના કરી કે તેઓ આ પ્રસંગે, બાળકની ઉપર કૃપા વરસાવવા પધારે. અને પાછા ફરતી વેળાએ જ, અર્જુન, શ્રી કૃષ્ણને લાવવામાં સફળ રહ્યો.

જ્યારે ભગવાન કૃષ્ણ પધાર્યા, ત્યારે ઋષિગણ, બ્રાહ્મણો, રાજાઓ, મહારાજાઓ અને નાગરિકો, તેમને માનપૂર્વક આવકારવા તૈયાર થઈ ગયા. પાંડવ બંધુઓ, ખૂબ જ સરસ રીતે અલંકૃત થઈને, મહેલના મુખ્ય દરવાજે તેમનું સ્વાગત કરવા ઉભા રહ્યાં. જ્યારે ભગવાનનો રથ દૂરથી આવતો દેખાતો થયો ત્યારે ઢોલ-નગારા ને તુતારીઓના નાદસમુહ સાથે જય જયકારનો જયઘોષ સંભળાવા લાગ્યો. યુધિષ્ઠિર રથ તરફ આગળ વધ્યા અને જેવા કૃષ્ણ રથમાંથી નીચે ઉતર્યા કે તેઓ પ્રેમપૂર્વક ભેટી પડ્યા; અને તેમનો હાથ ઝાલીને મહેલમાં લઈ ગયા કે જ્યાં, તેમને બિરાજવા એક વિશેષ ઉચ્ચ સિંહાસન તૈયાર કરવામાં આવ્યું હતું. ભગવાને સ્થાન ગ્રહણ કર્યા બાદ, દરેકે પોતપોતાની યોગ્યતા અને પદ અનુસાર સ્થાન ગ્રહણ કર્યું.

ચમક-દમક અલંકારોથી સુશોભિત એવા સોનાના થાળમાં, સહદેવ અંદર જઈને, બાળકને લઈ આવ્યા. પંડિતોએ મંત્રોચ્ચાર શરૂ કર્યો અને તે દ્વારા બાળકના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે દેવોને પ્રાર્થના કરી.

સહદેવે, બાળકને દરબાર હૉલના મધ્યમાં મુક્યો. વ્યવસ્થાપકો અને દાસીઓ, પોતપોતાના હાથમાં સોનાની થાળીઓમાં પુષ્પો, સુગંધિત દ્રવ્યો, વસ્ત્રો અને અલંકારો લઈને કતારબધ્ધ રીતે બાળક તરફ આવવા લાગ્યા. પાછળના ભાગમાં પડદા પાછળથી, મહારાણી રૂકમણી, દ્રૌપદી, સુભદ્રા અને ઉતરા, આ બધા, આ પ્રસંગ આનંદથી નિહાળી રહી હતી અને રમી રહેલ બાળકને જોઈને આનંદ લઈ રહી હતી. નામકરણ સંસ્કાર વિધિ માટે ફૂલોનો માંડવો જે વચ્ચે ઉભો કરવામાં આવ્યો હતો, તેમાં સહદેવે બાળકને ફૂલોની શૈય્યા પર મુક્યો. પરંતુ, બાળક તો દાસીઓ તેને રોકી રહી હોવા છતાં, તે જાણે કે કોઈને મળવા જઈ રહ્યો હોય તેમ છાતીએ ઉરોગામી થઈને આગળ સરકવા લાગ્યો.

સહદેવે પણ રોકવા પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળ. યુધિષ્ઠિર આ બાળકની હરકતો રસપૂર્વક નિહાળી રહ્યા હતા, તેમણે સહદેવને સસ્મિત કહ્યું, "સહદેવ, તમે તેની વચ્ચે ન આવો. તેને એકલો છોડી દો, આપણે જોઈએ કે તે શું કરે છે!" અને સહદેવે બાળકને છોડી દીધો. બાળક જ્યાં જાય ત્યાં તેને જવા દેવામાં આવતો હતો, પરંતુ સહદેવ સતત કાળજી લઈ રહ્યા હતા કે બાળક ક્યાંક પડી ન જાય કે તેને કોઈ ઈજા ન થાય. આ રીતે તે બાળક તરફ દૃષ્ટિ રાખીને બાળકની પાછળ પાછળ ચાલી રહ્યા હતા.

બાળકને, આ રીતે છૂટ મળતાં જ, તે, ભગવાન કૃષ્ણ જ્યાં બેઠા હતા તે દિશામાં આગળ વધવા લાગ્યો, જાણે કે તેમની સાથે બહુ પહેલેથી સંબંધ હોય અને ઘણા લાંબા સમય બાદ મળવાનું થવાનું હોય. બાળકે તો કૃષ્ણના ચરણ પકડી લીધા અને જાણે કે આંખોથી કહી દીધું કે હવે તો મને ખોળામાં લો અને વ્હાલ કરો. ભગવાને તેની પ્રાર્થના સાંભળી અને મોટેથી હસવા લાગ્યા. પછી તેમણે, નીચા વળીને બાળકને ઉચક્યું અને પોતાના ખોળામાં લીધું.

ખોળામાં બેઠા બાદ, બાળક તો આંખનો પલકારોય માર્યા વગર, ભગવાનના મુખ તરફ એકીટસે જોવા જ માંડ્યુ. ન તો તેણે આમ-તેમ જોયું કે ન તો હાથવડે કાંઈ (માળા વિગેરે) ખેંચ્યું કે ન કોઈ અવાજ કર્યો. તે માત્ર ખોળામાં બેસીને તાકતો જ રહ્યો. આવું વર્તન જોઈને દરેકને આશ્ચર્ય થવા લાગ્યું; કારણ, આ ઉંમરે બાળક આવું કરે-એ અપેક્ષિત જ નહોતું. ભગવાન કૃષ્ણ પણ આવા વર્તનથી બધા જેવું જ સુખ અને આશ્ચર્ય અનુભવવા લાગ્યા.

યુધિષ્ઠિર તરફ ફરીને, કૃષ્ણે કહ્યું, "મને જ્યારે કહેવામાં આવ્યું હતું, કે બાળકને જે કોઈ જોવા આવે છે તેની તરફ બાળક એકીટસે જોયા કરે છે અને તેની શકલ ચકાસ્યા કરે છે, ત્યારે હું તો નહોતો માનતો. મને તો એમ કે, બાળકની સામાન્ય રમતો અને હરકતોને, પંડિતોએ જરીક નવીન પ્રકારની પદ્ધત્તિથી રજૂઆત કરી હશે. પણ હવે તો આ સાચે જ અચરજની બાબત છે. આ બાળક તો મને જ તાકી રહ્યો છે! વારૂં, હવે હું જ એના વર્તનની જરીક પરીક્ષા લઉં છું".

પછી, ભગવાને પોતાની ઉપરથી બાળકનું ધ્યાન બીજે હટાવવા માટે જાત-જાતના રમકડા તેને આપ્યા; પોતે સંતાઈ ગયા. પ્રભુને એવું હતું કે બાળક હમણા તેને ભૂલી જશે. પરંતુ, બાળક તો બીજા કશા ઉપર નજર નાખતો જ નહોતો. તેની આંખો તો ભગવાન તરફ જ મંડાણી હતી અને તે પ્રભુને જ શોધી રહ્યો હતો; બીજુ કશું જ નહી. ભગવાન જે તરફ હોવાનું એને લાગતું, તે તરફ જ તે ખસતો હતો.જ્યારે ભગવાનના પોતાના પ્રયત્નો પણ, તેનું ધ્યાન બીજે દોરવામાં વિફળ રહ્યા, ત્યારે પ્રભુએ જાહેર કર્યું; "આ સામાન્ય બાળક નથી. તે મારી બધી પરીક્ષાઓમાં સફળ રહ્યો છે. આથી, પરીક્ષિત નામ એ જ એને માટે સર્વથા રીતે યોગ્ય છે. તે નામ, એના ગુણ પ્રમાણે જ છે અને તે પોતે, એ રીતે જ તેને જીવે છે.

આ સમયે હવે, પંડિતોએ બાળકને આશિષ આપતા વૈદિક મંત્રોનો પાઠ કર્યો. વેદોચ્ચાર થયા, વાજીંત્રોએ વાતાવરણ ભરી દીધું. મહિલાઓએ મંગલ ગીતો ગાયા. પુરોહિતે, રત્નશલાકાથી સોનાના પાત્રમાં રહેલા મધ વડે બાળકની જીભ પર નામ લખ્યું. સોનાની થાળીમાં ચોખા ભરેલા હતા, તેની ઉપર નામ લખવામાં આવ્યું અને તે ચોખા (અક્ષતાઓ)નો, બાળકની સમૃદ્ધિ અને સુખાકારીના હેતુસર, તેની ઉપર અભિષેક કરવામાં આવ્યો. આવી રીતે, નામકરણ સંસ્કાર ખૂબ જ ભવ્ય રીતે સંપન્ન થયો. સ્ત્રીઓ અને પુરૂષો, જેમણે આમાં ભાગ લીધો, તેમને પણ ભેટ-સોગાદોથી નવાજવામાં આવ્યા. વિદાય લેતી વખતે દરેક જણ, બાળકનું ભગવાનના ખોળામાં ચઢી જવાની વાતોનું રટણ કરતા હતા. બાળકે જે દૃઢ વિશ્વાસ, અત્યારથી જ આત્મસાત કર્યો હતો તેની પ્રશંસા કરતા હતા.

બાળકના આવા અકલ્પ્ય વર્તનથી મુંઝાઈ ગયેલ યુધિષ્ઠિર, વ્યાસમુનિ પાસે એ જાણવા ગયા કે બાળકના આવા વર્તનનું શું કારણ હોઈ શકે અને તેનું શું પરિણામ આવી શકે !

વ્યાસમુનિએ કહ્યું, "હે યુધિષ્ઠિર ! જ્યારે બાળક માતાના ગર્ભમાં હતો ત્યારે એનો વધ કરવા અશ્વત્થામાએ એક ભયંકર અસ્ત્ર છોડ્યું હતું, પણ એ અસ્ત્ર, તેને સ્પર્શ કરે તે પહેલાં જ, ભગવાન કૃષ્ણે તેની માતાના ઉદરમાં પ્રવેશ કર્યો અને તેની રક્ષા કરી હતી. આથી બાળકને એ જાણવાની ઉત્કંઠા હતી કે તેની રક્ષા કોણે કરી હતી. એ બાળક, દરેકને એક ધ્યાનથી જોયા કરે છે, તે એ જ શોધવા મથે છે કે આ તો મારો બચાવનાર નથી ! આજે, એણે એજ દિવ્ય સ્વરૂપ અને તેજસ્વીતાના જેવા દર્શન કર્યા અને તે સીધો તેમની તરફ સરકી ગયો અને ઉપાડીને ખોળામાં લેવા પ્રાર્થના કરવા લાગ્યો. હે યુધિષ્ઠિર, તમને જે જાણવાની ઈચ્છા છે કે બાળક આવું અકલ્પ્ય વર્તન કેમ કરે છે, તેનું રહસ્ય આ જ છે.

વ્યાસમુનીની આ વાત સાંભળીને એમની આંખોમાં હર્ષાશ્રુ અને કૃતજ્ઞતાના ભાવ જાગ્યા. ઈશ્વરની અસીમ કૃપાથી આનંદિત થઈને તેમણે ઈશ્વરનો, પૂજ્યભાવથી અત્યંત આદરપૂર્વક આભાર માન્યો.

# ગાયત્રી મંદિરની કથા

**બિશુ પુસ્ટી**

જેમને પણ પ્રશાંતિ નિલયમનાં ગાયત્રી મંદિરની મુલાકાત લેવાનો લ્હાવો મળ્યો હશે તેમણે અનુભવ્યું હશે કે આ પવિત્ર મંદિર દરેક રીતે શાંતિ અને શ્રેષ્ઠતાનું શક્તિકેન્દ્ર છે. દિવ્યમાતાનાં આનંદમય દર્શનમાં પોતાને ભીંજવવા માટે, દરરોજ સવાર-સાંજ, સેંકડો લોકો અહીં ભેગા થાય છે.

આ પવિત્ર તીર્થની કથા છેક ૧૯૬૬ ની છે. જ્યારે ભગવાને મદુરાઈ શહેરની મુલાકાત લીધી હતી. તે પ્રસંગે તેઓ તેમનાં એક પ્રિય ભક્ત, શ્રી પી.એસ.એ. સુબ્રમણિયા ચેટ્ટીયરનાં ઘરે નવ દિવસ રોકાયા હતાં. ચેટ્ટીયરને ત્યારે ભગવાનનાં ચરણકમળની પૂજા કરવાની તક મળી. આજે પણ તેમની પાસે વેદીમાં, એક પવિત્ર કપડા પર પીળી હળદરમાં સ્વામીનાં વાસ્તવિક પગલાં છે. સ્વામીના ચરણની ઉપાસના કરતાં કરતાં, ભગવાનને ભક્તિ અર્પણ કરવાની આ કુટુંબની રીત હતી.

૧૯૯૧ માં ભગવાને પોતે શ્રી સુબ્રમણિયા ચેટ્ટીયરનો ૮૦ મો જન્મ દિવસ પુટ્ટપર્તિમાં ઉજવ્યો હતો. કૃતજ્ઞતાથી શ્રી ચેટ્ટીયરે ત્યારે ભગવાનની ચાંદીની પાદુકાઓની જોડી બનાવી હતી. સ્વામીએ કૃપા કરીને તે પાદુકાઓ ઉપર તેમનાં દિવ્ય ચરણ મૂક્યા અને પછી તે પાદુકા પૂજા માટે તે પરિવારને પાછી આપી દીધી. શ્રી ચેટ્ટીયાર, આશીર્વાદરૂપે મેળવેલ પાદુકાઓ લઈને મદુરાઈ પાછા ફર્યા. જ્યારે પણ કોઈ તેમની પાસે સમસ્યા લઈને આવતા, ત્યારે તેઓ તે વ્યક્તિને તેમની પ્રાર્થના આ દિવ્ય પાદુકાને અર્પણ કરવા કહેતા. કોઈને સંતાન નહોતું તો તે માતા-પિતા બન્યા, કોઈની બિમારી મટાડી દીધી વિગેરે-વિગેરે. જ્યારે શ્રી ચેટ્ટીયારને શ્રદ્ધાનાં આ અનુભવો, ચમત્કારો જોવા મળ્યા ત્યારે તેમણે નક્કી કર્યું; કે આવી સેંકડો પાદુકાઓ બનાવીને, તેનું વિતરણ કરવાની મંજુરી ભગવાન પાસે માગી લેવી. જેથી વધુમાં વધુ લોકોને તેમની

કૃપાનો લાભ મળી શકે. તે, સાઈ પાદુકા અંગે જાગૃતતા લાવવાની એક સારી એવી શરૂઆત હતી, જે ૧૯૯૫ માં શ્રી સાઈ પાદુકા ટ્રસ્ટની સ્થાપના તરફ દોરી ગઈ. દર વર્ષે પાદુકા પ્રતિષ્ઠા મહોત્સવ ભગવાનની હાજરીમાં જ યોજાતો. અને આ દરેક પ્રસંગે ચેટ્ટીયર ભગવાન પાસે જતાં અને પ્રસંગની યાદમાં કોઈ દેવતાની મૂર્તિ બનાવવા તરફ દિશા નિર્દેશ કરતાં. આજ પ્રમાણે પ્રશાંતિનિયલમને શ્રીરામ, હનુમાન અને કાર્તિકેયના મનોહર મંદિરોથી ધન્યતા પ્રાપ્ત થઈ.

જાન્યુઆરી ૧૯૯૮ માં શ્રી ચેટ્ટીયર અને તેમના પુત્ર શ્રી શ્રીનિવાસન ચેટ્ટીયર, પ્રશાંતિ નિલયમમાં હતાં. આ સમયગાળા દરમ્યાન શ્રી ચેટ્ટીયર બિમાર થયા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. એક દિવસ જ્યારે પિતાજી ભગવાનની હોસ્પિટલમાં સારવાર હેઠળ હતાં, ત્યારે સ્વામીએ તેમનાં પુત્ર શ્રી શ્રીનિવાસનને પૂછ્યું, "તમે આ વર્ષે શું સ્થાપિત કરવા જઈ રહ્યાં છો"? પાદુકા ઉત્સવને હજુ ૯ મહિના જેટલો સમય હતો તેથી તેઓએ હજુ કોઈ યોજના બનાવી નહોતી. શ્રી શ્રીનિવાસનને કાંઈ સમજાયું નહીં, તેઓ ફક્ત એટલુંજ બોલી શક્યા, "સ્વામી, તમે જ કૃપા કરીને માર્ગદર્શન આપો કે અમારે શું બનાવવું જોઈએ".

પરંતુ ભગવાન મૌન રહ્યાં. એક ક્ષણ પછી શ્રી શ્રીનિવાસન અનેક વિચારો રજૂ કરવા લાગ્યા. "સ્વામી શું આપણે દત્તાત્રેયની કે શિવ-શક્તિની કે વિષ્ણુ અને લક્ષ્મીની મૂર્તિ બનાવવી જોઈએ?" ભગવાને આ સૂચનોમાંથી કોઈનો પણ સાનુકૂળ પ્રતિસાદ આપ્યો નહીં. છેવટે શ્રીનિવાસન અસ્પષ્ટ હોવાને કારણે શાંત થઈ ગયા ત્યારે સ્વામીએ કહ્યું, "તમે આજે રાત્રે, હોસ્પિટલમાં તમારા પિતા પાસે જાવ અને મળો. તે તમને કહેશે કે શું કરવું જોઈએ".

જ્યારે શ્રીનિવાસને, સ્વામી સાથે થયેલી વાતચીત પિતાજીને સંભળાવી ત્યારે શ્રી ચેટ્ટીયારે કહ્યું, "શ્રી નિવાસન, હું તને શું કહું? આજે વહેલી સવારથી જ, હું જ્યારે આંખો બંધ કરૂ છું ત્યારે, માતા ગાયત્રી મારા સ્વપ્નમાં આવે છે. તે મારા પાસે આવ્યા જ કરે છે. તે ખૂબ જ સુંદર અને શાંત છે. તેમની હાજરી ખુબ જ સુખદાયક છે. પરંતુ મને ખબર નથી કે તે શા માટે સતત મારી દૃષ્ટિમાં દેખાય છે. મેં ક્યારેય તેમની પૂજા કરી નથી કે નથી તેમનું ધ્યાન ધર્યું. મેં તેમના વિશે ક્યારેય પણ વિચાર કર્યો નથી તથા તેમના વિશે કાંઈ જાણતો પણ નથી. મહેરબાની કરીને સ્વામીને આ બધાનો શું મતલબ છે તે પૂછી જોજે".

બીજા દિવસે ભગવાને, શ્રીનિવાસનને ફરી મુલાકાત માટે બોલાવ્યા. અને સ્વામીએ તરત જ પૂછ્યું, "તમારા પિતાએ શું કહ્યું?" શ્રીનિવાસને જવાબ આપ્યો, "તેમની દૃષ્ટિમાં તો ગાયત્રી જ આવે છે". ભગવાને તરત જ ઉદગાર કર્યો, "હં ગાયત્રી ! ગાયત્રી પેદ્દ.... ગાયત્રીની પ્રતિમા બનાવો". આમ ભગવાન તરફથી સીધે સીધુ માર્ગદર્શન મળી ગયું.

ક્ષણનાં પણ વિલંબ વગર શ્રીનિવાસન નોકરી પર પરત ફર્યા. તે રાજસ્થાનનાં જયપુર ગયા અને એક ધાર્મિક શિલ્પકારને મળ્યા અને ભગવાને કહ્યું હતું તે મુજબ તે મૂર્તિનાં આકાર અને કદ વિશે વિગતવાર સૂચના આપી. "આમા બધાં શસ્ત્રો સાથે ૫ (પાંચ) મુખ અને ૧૦ હાથ હોવા જોઈએ. તેની ઊંચાઈ ૬ ફુટની હોવી જોઈએ

જેથી બધાં તેમને સ્પષ્ટ રીતે જોઈ શકે".

શ્રીનિવાસને શિલ્પકારને ૫૦% રકમ એડવાન્સ પેટે ચૂકવી દીધી. અને કલાકારે તેનું કામ શરૂ કરી દીધું. શ્રીનિવાસન, કામમાં પ્રગતિનું નિરીક્ષણ કરવા માટે, અવાર-નવાર જયપુર જતાં. એક મુલાકાત દરમ્યાન તેમણે જોયું કે શિલ્પકાર ખૂબ દુઃખી જણાતો હતો. તેમણે વિવેકથી શિલ્પકારને પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે પથ્થરની અંદર એક છિદ્ર છે અને ૯૦% કામ પ્રતિમાનું પુરૂં થઈ ગયું હોવાથી હવે તેણે શું કરવું તેની ખબર પડતી નથી. હકીકતમાં પ્રતિમા લગભગ તૈયાર હતી. મુખ, હાથ અને ચરણ સંપૂર્ણ થઈ ગયા હતાં. અને ફક્ત ધડને પુરૂ કરવાનું બાકી હતું. શિલ્પકાર અભિભૂત થઈ ગયો હતો. તેણે ધાર્યું હોત તો છીદ્રને છુપાવ્યું હોત અને કાર્ય આગળ વધારી શક્યો હોત. કોઈને ખબર ના પડી હોત. પરંતુ તેનાં અંતરાત્માએ કહ્યું, "હું આ દિવ્યમાતાની મૂર્તિ સાથે અને ખાસ કરીને જ્યારે તે પ્રશાંતિનિલયમ જઈ રહી છે ત્યારે આમ કરી શકું નહિ". તેથી તેનું કામ અટકી ગયું હતું. શ્રીનિવાસને તે શિલ્પીને આશ્વાસન આપ્યું અને હકીકતમાં ખામી ન છુપાવવા બદલ તેની પ્રશંસા કરી અને પછી તરત તેઓ ભગવાન પાસે આવ્યા.

જ્યારે તેમણે ઘટનાના અણધાર્યા વળાંકને, સ્વામી આગળ વર્ણવ્યો ત્યારે સ્વામીએ તરત જ કહ્યું, "જુઓ આ માણસ કેટલો સારો છે તે ખૂબ પ્રામાણિક છે. તેને કહો કે ચિંતા ના કરે. તેને કહો કે એક બીજો પથ્થર લે અને ફરીથી તેનું કામ શરૂ કરે. આ વખતે તે ખૂબ સારી રીતે બનશે અને તે સમયસર થઈ જશે. ચિંતા કરશો નહિ".

આ વખતે શરૂઆતથી અંત સુધી શિલ્પકારે ફક્ત દોઢ મહિનામાં જ કામ પૂર્ણ કર્યું એટલે કે મૂળ સમયનાં અડધા સમય કરતાં પણ ઓછા સમયમાં પૂર્ણ કર્યું. અને તે એક ઉત્તમ કૃતિ હતી. ખરેખર એક ચમત્કાર જ હતો.

૧૯૯૮ નાં ઓક્ટોબર માસની શરૂઆતમાં ૧૪૦૦ કિ.ગ્રા. વજનની પ્રતિમાને જયપુરથી લૉરીમાં લાવવામાં આવી. અને પૂર્ણચંદ્ર ઓડીટોરિયમમાં મૂકવામાં આવી. શ્રીનિવાસને, ભગવાનને, પ્રતિમાને આશીર્વાદ આપવા પ્રાર્થના કરી. સ્વામીએ પ્રતિમાને જોઈ પ્રેમથી સંમતિ આપી. પ્રતિમા તરફ જોતાની સાથે જ તેનો (મૂર્તિનો) ચહેરો આનંદથી ચમકી ગયો અને પછી તેમણે કહ્યું, "જુઓ, તે કેટલી સુંદર લાગે છે! તે ખૂબ સરસ રીતે ખીલી ઉઠી છે". આમ કહીને સ્વામીએ પ્રતિમાનાં દરેક ભાગને ઉત્સુકતાથી જોવાની શરૂઆત કરી. જ્યારે તેઓ આમ કરી રહ્યા હતાં ત્યારે તેમનો હાથ મૂર્તિના વિવિધ ભાગો જેવા કે ચહેરાઓ, હાથ-પગ વિગેરે-વિગેરે પર ફરી રહ્યો હતો. શ્રીનિવાસન રોમાંચિત થઈ ગયા. તેઓ જાણતા હતાં કે દરેક વખતે ભગવાને જે સ્પર્શ કર્યો, તે કોઈ સામાન્ય ઘટનાં નહોતી. ખરેખર તે એક દિવ્ય ક્ષણ હતી.

શ્રી શ્રીનિવાસન દિવાસ્વપ્નમાં ખોવાઈને આનંદમગ્ન થઈ રહ્યાં હતાં ત્યારે સ્વામીએ અચાનક જ પૂછ્યું, "શ્રીનિવાસન, પ્રતિમા વિશે તમને શું લાગે છે?" સંપૂર્ણ વિનયથી શ્રીનિવાસન બોલ્યા, "સ્વામી, હવે તમારી નજર જ્યારે મૂર્તિ પર પડી ગઈ છે ત્યારે માતા ગાયત્રી જીવંત થઈ ગયા છે. તે ખૂબ જ સુંદર, શક્તિશાળી અને પવિત્ર લાગે છે". ભગવાને બહુ સહજતાથી કહ્યું, "ના, ના, મેં કશું જ કર્યું નથી. શિલ્પકારે આ મહાન કામ કર્યું છે. તમે તેને કેટલા રૂપિયા

ચૂકવ્યા?". આ સ્વામીની નમ્રતા હતી.

શ્રીનિવાસને આપેલી એડવાન્સ રકમનો ઉલ્લેખ કર્યો અને કહ્યું,"તે એક સમર્પિત માણસ છે. તે કાંઈ પણ રકમ સ્વીકારી લેશે". પણ ભગવાને તરત જ કહ્યું, "ના, ના, પણ હું આ સ્વીકારતો નથી. તે ઘણી વધારે રકમને લાયક છે. શું તે અહીં છે? તેને બોલાવો". જ્યારે શિલ્પકાર અંદર આવ્યા ત્યારે ભગવાને તેમની ખૂબ પ્રશંસા કરતાં કહ્યું, "બહુત અચ્છા, બહુત અચ્છા". (ખૂબ સરસ, ખૂબ સરસ) અને પછી કહ્યું, આ પ્રતિમા વિશે અગત્યું એ છે કે તમે સત્યનું પાલન કર્યું છે અને તમે ખામીને છુપાવી શક્યા હોત પરંતુ તમે સત્યનાં માર્ગે ચાલવાનું નક્કી કર્યું. હું ખૂબ ખુશ છું".

સ્વામીએ તેમનો હાથ હલાવીને નીલમની વીંટીનો ઉદભવ કર્યો અને શિલ્પકારની આંગળી પર મૂકી અને પછી સ્વામી અંદર ગયા અને મોટા પરબિડિયા સાથે બહાર આવ્યા. તેમાં શ્રીનિવાસને શિલ્પકારને જે રકમ આપી હતી તેનાથી પાંચ ગણી વધારે હતી. ભગવાને સ્મિત સાથે તે કવર સમર્પિત કલાકારને આપ્યું. અને શાલ, સ્મૃતિચિહ્ન વિગેરેથી તેનું સન્માન કર્યું. અંતમાં તેમણે શ્રીનિવાસનને કહ્યું, "તમે જે ઈચ્છો તે આપી શકો છો કારણ કે તે સાચુ જ બોલ્યો છે.

ભગવાન હંમેશા કહે છે, કે સત્યમાંથી સૃષ્ટિ ઉદભવી છે. અહીં પણ આપણાં વિચાર, વાણી અને વર્તનમાં સત્યવાદી હોવાનાં સિદ્ધાંતનાં અમલ દ્વારા ભગવાને સનાતન સત્યની સ્થાપના કરી છે.

આ પ્રતિમાની પ્રતિષ્ઠાનો દિવસ ૯ ઓક્ટોબર ૧૯૯૮ નક્કી કરવામાં આવ્યો. પ્રતિષ્ઠાના ૩ દિવસ અગાઉથી પ્રશાંતિ નિયમના એક હોલમાં વિસ્તૃત વિધિ સાથે એક યજ્ઞ કરવામાં આવ્યો. મદુરાઈનાં હજારો લોકોએ આ ઐતિહાસિક ઘટનામાં ભાગ લીધો હતો. શ્રી ચેટ્ટીયર, ભગવાનને અર્પણ કરવા શ્રીકૃષ્ણની સોનાની પ્રતિમા પણ લાવ્યા હતાં. પ્રતિષ્ઠાના દિવસે સવારે દિવ્યમાતાને ભવ્ય શોભાયાત્રા દ્વારા ખાસ સુશોભિત કરાયેલા ખુલ્લા વાહનમાં હોલથી મંદિરના સ્થળે લાવવામાં આવ્યા.

આ શોભાયાત્રામાં ૧૦૦ થી પણ વધુ મહિલાઓએ પવિત્ર લેખો, બંગડીઓ, ઝવેરાત, ફૂલો, ફળો સાથે ભાગ લીધો હતો. જ્યારે દેવતા (પ્રતિમા)ને ભજન અને વૈદિક મંત્રોચ્ચાર સાથે, પડધી (સ્થાપનાના સ્થળ) સુધી લઈ જવામાં આવી ત્યારે ભગવાને હળવેથી હળદર, સિંદૂર, અક્ષતા (પવિત્ર ચોખા) તથા અન્ય પવિત્ર વસ્તુઓ નિશ્ચિત જગ્યાએ મૂક્યા અને પછી તેમણે જાતે જ દિવ્યમાતાની પ્રતિમાની સ્થાપના કરી. આ રીતે માતા ગાયત્રીનાં દિવ્ય મંદિરનો જન્મ થયો.

હકીકતમાં શ્રીનિવાસનની ઘણી બધી મુલાકાતો વખતે સ્વામી તેમને પૂછતાં, "તમારી ગાયત્રી કેવી છે?" અને પછી તે દિવસે માતાએ જે પોશાક પહેર્યા હતાં તેનું વર્ણન કરવા લાગતા. સાડીનો રંગ, તેમની બિંદીનું કદ (બિંદી એટલે કપાળની મધ્યમાંમહિલાઓ દ્વારા લગાડવામા આવતું સુશોભિત ચિહ્ન), તેમને ધરાવવામાં આવેલ પ્રસાદ વિગેરે-વિગેરે. એવું લાગતું હતું કે માતા ગાયત્રીને જે અર્પણ કરવામાં આવ્યું હતું તે બધું જ માતા સાઈ પાસે પહોંચી રહ્યું હતું.

સ્થાપનાં પછી બીજા દિવસેઘ ભગવાને આપેલાં પ્રવચનમાં તેમણે કહ્યું હતું કે "ગઈ કાલે મધ, દૂધ, દહીં વિગેરે દ્વારા જે અભિષેક કરવામાં

આવ્યો હતો તે ધાર્મિક વિધિનો હેતુ ફક્ત એક જ છે. આપણાં હૃદયને શુદ્ધ અને પવિત્ર કરવું". પછી તેમણે ઉમેર્યું, "જેની જરૂર છે તે માત્ર પૂજાની જ નહીં, પરંતુ અર્પિતમની પણ (સંપૂર્ણ શરણાગતિ) છે. એટલે કે એવી શરણાગતિ કે, આપણે આપણાં શરીર અને મનની સભાનતા ગુમાવીને, માતાની વૈશ્વિક ચેતના સાથે એક બની જઈએ.

મદુરાઈથી શરૂ થયેલી આ યાત્રા હવે પ્રશાંતિનિલયમ ખાતે પૂર્ણ થઈ હતી. જેના પરિણામે એક એવા મંદિરની સ્થાપના થઈ જે ભક્તોને તેમના આધ્યાત્મિક માર્ગમાં પ્રકાશિત થવા માટે મદદરૂપ થઈ શકે છે.

"ગાયત્રી મંદિરની કથા" શીર્ષક પરની એક દસ્તાવેજી ફિલ્મ "શ્રી સત્ય સાઈ ઓફીશીયલ" યુટ્યુબ ચેનલની લીંક https://www.youtube.com/watch?v+ielrq1D4pVw પર જોઈ શકાશે.

**પ્રશાંતિ નિલયમમાં હિલ વ્યુ સ્ટેડિયમમાં આપણે શ્રી હનુમાનદાદાનું કદાવર સ્ટેચ્યુ જોઇએ છીએ તે અંગેની વાત :**

ભગવાન બાબાએ લાર્સન એન્ડ ટોબ્રો કંપનીના એન્જિનિયરોને હનુમાનજીની ૬૫ ફુટ ઊંચી પ્રતિમા હિલ પર બનાવીને મૂકવા માટે કહ્યું. એન્જીનિયરોને સ્વામી જે હનુમાનજીનું કદ અને આકાર કહેતા હતા તે અંગે ખ્યાલ ન હતો. સ્વામીએ હાથ હલાવી હનુમાનજીની સોનાની મૂર્તિ ઉત્પન્ન કરીને તેમને બતાવી અને જણાવ્યું કે આ આકારની ૬૫ ફુટની પ્રતિમા બનાવીને મૂકવાની છે. મૂર્તિ બની ગઇ. ટેકરી પર મૂકવા માટે એન્જીનિયરો ગયા, જમીનની ચકાસણી કરી અને તેમને કહ્યું કે જમીન ખૂબ જ પોચી છે, આ જમીન પર આ કદની પ્રતિમા ટકી શકે નહિ, સ્વામીને સમાચાર મળ્યા. સ્વામી તે ટેકરી પર ગયા. ભગવાને તેમના ચરણ કમળથી થોડો સમય જમીન દબાવી. ત્યારબાદ એન્જીનિયરોને ફરીથી જમીનનું નિરીક્ષણ કરવા કહ્યું. જમીન કઠણ પત્થર જેવી બની ગઇ હતી ! હનુમાનજીનું મહાકાય સ્ટેચ્યુ ત્યાં ગોઠવવામાં આવ્યું, જેના આપણે પ્રશાન્તિનિલયમમાં દર્શન કરીએ છીએ.

**અશ્રુ આરતી સાડીઓ અંગે :**

મુંબઇ, ધર્મક્ષેત્રમાંભગવાન બાબાએ સાડીઓનું બ્હેનોને વિતરણ કર્યું હતું. તે સમયે ચાર સાડી વધી હતી. ચારેય સાડીઓની કિનારીઓમાંથી પાણી વહેવા લાગ્યું. ત્યાં ઉભેલા હિસ્લોપે (પશ્ચિમના જાણીતા ભક્ત) સ્વામીનું આ અંગે ધ્યાન દાર્યું. બાબાએ જવાબ આપ્યો, 'સાડીઓ આ અંગે રડે છે કારણકે મેં તેમનો સ્વીકાર કર્યો નહિ.' હિસ્લોપને આ જવાબ સાંભળી ખૂબજ આશ્ચર્ય થયું. તેમને પૂછ્યું, 'સ્વામી આ તો સજીવ પદાર્થો નથી. આવા કાપડમાં પણ લાગણીના ભાવ હોઇ શકે ?' સ્વામીએ કહ્યું, 'વિશ્વમાં કોઇ એવી ચીજ નથી જેને હૃદય ન હોય, જે હર્ષ કે શોક વ્યક્ત ન કરી શકે ! જરૂર છે, તે માટે જોવાની દ્દષ્ટિ, સાંભળવા માટે કાન અને પ્રતિભાવ આપવા માટે હૃદય.'

ભગવાને આના અનુસંધાનમાં 'રામાયણ' ની ઘટના કહી સંભળાવી વાનરોએ લંકા સુધીનો બ્રીજ બનાવ્યો. સારાય ભારતમાંથી તેઓ પત્થરો, ટેકરીઓ લાવ્યા હતા. બ્રીજ પૂરો થયો એટલે બાકીની ટેકરીઓ લઇને, આવતા વાનરોએ જરૂર ન હોવાથી, જે તે સ્થળોએ ટેકરીઓ મૂકી દીધી. આમાં એક ટેકરીને ખૂબ જ દુ:ખ થયું કે તે ભગવાન રામના દર્શન કરી શકશે નહિ. આ દુ:ખની બીના ભગવાન રામે જાણી. તેમને તે શોક્યુક્ત ટેકરીને સંદેશો મોકલ્યો કે આવતા અવતારમાં તેઓ જાતે જ તેને આશીર્વાદ આપશે. આ તે જ ટેકરી જે ભગવાન કૃષ્ણે ગોવર્ધન પર્વત ઉચક્યો હતો.

# શ્રી સત્ય સાઈ વિદ્યાનિકેતન, નવસારી

**(સી.બી.એસ.ઈ. માન્યતા પ્રાપ્ત નિવાસી શાળા)**



## ૨૦૨૧ માટે પ્રવેશ ચાલુ છે

**ધોરણ ૧ થી ૧૨**

# CBSE

**ભણતર અને દરકાર સર્વોત્કૃષ્ટપણા સાથે**

**પ્રવેશ માટે**

**70461 56000**

**અમારા વિશે :-**

અહીં ભણનારા દરેકે દરેક વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય અને તેઓ પ્રબુદ્ધ નાગરિકો બને તેવા શુભ આશયથી વર્ષ ૨૦૦૦ માં, આ અમારી શાળાનો પાયો નખાયો.

અમે, માનવીય મૂલ્ય શિક્ષણ અને શૈક્ષણિક શ્રેષ્ઠતામાં દ્રઢપણે માનીએ છીએ. યુવાનોમાં નૈતિકતા, ભ્રાતૃભાવ, રાષ્ટ્રપ્રેમ અને ત્યાગની ભાવના વિકસે જેથી તેમનું ચારિત્ર્ય મજબૂત બને અને તેઓ ભવિષ્યના સારા નેતાઓ બને અને દેશની ગરિમા જાળવી રાખી, દેશની આન-બાન-શાન ને ઊંચા સ્તરે લઈ જાય તેવો અમારો ઉદ્દેશ્ય છે.

અમે, મૂલ્યો આધારિત, પ્રવૃત્તિઓ આધારિત અને અનુભવજન્ય શિક્ષણ આપીએ છીએ જેથી યુવાનોમાં ગુણો અને કૌશલ્યો વિકાસ પામે. અમારી સ્કૂલ - ડીજીટલ ક્લાસરૂમ, વિશાળ રમતના મેદાન, કમ્પ્યુટર લેબ, લાયબ્રેરી, ઈન્ડોર સ્ટેડીયમ, સાયન્સ લેબ ઈત્યાદિથી - સુસજ્જ છે.

દરેક બાળકના વિકાસ અને પ્રગતિ માટે - અમારીપાસે ઉચ્ચશિક્ષિત, અનુભવી અને સમર્પિત ટીચીંગ સ્ટાફ છે. NEET અને JEE ના આકાંક્ષી ઉમેદવારોને માટે અમે વિશેષ કોચીંગની સગવડ આપીએ છીએ.


સ્પોર્ટસ્ કોમ્પલેક્ષ



છોકરાઓની હોસ્ટેલ




ઓડીટોરીયમ



લેબ બિલ્ડીંગ



છોકરીઓની હોસ્ટેલ





અરૂણ ચૌધરી



મહિમા પટેલ



આકાશ પટેલ

**Our Sai Stars got admission in MBBS**

## અમારી લાક્ષણિકતાઓ

- ઈ-લર્નીંગ (ડીજીટલ ક્લાસ રૂમ)
- સ્કીલ અને મૂલ્યઆધારિત શિક્ષણ
- NEET અને JEE ની તૈયારી
- નવીનતમ અધ્યાપન શાસ્ત્ર પદ્ધત્તિ
- મનોરમ્ય લીલુછમ કેમ્પસ
- અનુભવી સ્ટાફ/ શિક્ષકો

ટાટા એસ.એસ.એલ. પાસે, ૮, ગણેશવાડ, સિસોદરા, નવસારી - ૩૯૬ ૪૬૩


www.sssvn.edu.in

Publication Date : 20/04/2021
# સનાતન સારથિ
Date of Posting 20th every month
Validity of Licence 31/12/2023

RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. VDR-E/359/2021-2023

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGES - 36

Place of Posting - Vadodara (H.O.)



જે ભક્ત, પોતે નિખાલસ અને વિશુદ્ધ હોવાનો દેખાવ કરે છે, તેણે સતત સતર્ક રહેવું જોઈએ અને દિવ્યતાની ઉપસ્થિતિમાં રહેવાની શિસ્તનો અભ્યાસ કરવો જોઈએ. તમારા હૃદયમાં (ચેતનામાં) 'ઈશ્વર' જે સુષુપ્ત અવસ્થામાં પડી રહ્યો છે, તેને ઓળખવો જોઈએ અને તેને જાગૃત કરવો જોઈએ, જેથી કરીને, તમારા દરેક કાર્યમાં દિવ્યતા ઝળહળી ઉઠે. વ્યક્ત (થવું) એટલે પ્રત્યક્ષ ખુલ્લું થવું. સંસ્કૃતમાં માનવીને વ્યક્તિ કહેવાય છે. અને તેથી જ તેણે તેનામાં રહેલ દિવ્યતાને વ્યક્ત કરવાની હોય છે.

- ભગવાન શ્રી સત્ય સાઈ બાબા

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. બોકીલ
''સાઇ આરોહ'' એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૮૨૪૬ ૪૯૯૫૩

**મુદ્રક : એલાઇન ગ્રાફીક્સ**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.